પ્રાપ્તિ તારીખ : ૦૪/૦૪/૨૦૧૫
નોંધણી તારીખ : ૦૪/૦૪/૨૦૧૫
નિર્ણય તારીખ : ૨૪/૦૪/૨૦૨૬
અવધિ : વર્ષ – માસ–દિન
૧૧– ૦૦ – ૨૦

**પલસાણાના મહે. એડીશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.પલસાણા.**

**રેગ્યુલર દીવાની મુકદમા નંબર–૭૮/૨૦૧૫**

**આંક–**

**વાદી :–હંસાબેન તે કુબેરભાઈ રઘાભાઈની દીકરી તથા અમૃતલાલ ખુશાલદાસની ધણીયાણીના વારસદારો–**

ચાલુ દાવાના કામે વાદી ગુજરી જવાથી તેમનું નામ કમી અને તેમના વારસો યાને રીપ્રેઝન્ટેટીવ તરીકે–

વાદી નં. ૧–એ– **અમિષાબેન તે રાકેશભાઈ અમૃતલાલ મોદીની વિધવા**
જાતના : હિંદુ, ઉ.આ.વ.–૪૫, ધંધો : ઘરકામ
ઠે. ૨૩, વિવેકાનંદ પાર્ક રો–હાઉસ, ગેટ નં–૨, એલ.પી. વાણી રોડ, જલારામ ખમણની ગલીમાં, અડાજણ, સુરત

વાદી નં. ૧–બી– **મિહીર રાકેશકુમાર મોદી**
જાતના : હિંદુ, ઉ.આ.વ.–૨૭, ધંધો : નોકરી
ઠે. ૨૩, વિવેકાનંદ પાર્ક રો–હાઉસ, ગેટ નં–૨, એલ.પી. વાણી રોડ, જલારામ ખમણની ગલીમાં, અડાજણ, સુરત

**વિરુદ્ધ**

**પ્રતિવાદી :–** (૧) **કલ્પનાબેન તે ઠાકોરભાઈ કુબેરભાઈ મોદીની દીકરી તથા કિશનભાઈ મહેતાની ઘણીયાણી**

જાતના હિંદુ, ઉ.આ.વ. ૭૮, ધંધો : વેપાર,
રહે, બંગલા નંબર ૧, પ્રભુદર્શન સોસાયટી, ખોડ બજાર,
રેલ્વે પોલીસ લાઇનની પાછળ, વરાછા રોડ, સુરત.
(૨) જયંતિભાઇ કુબેરભાઈ મોદી,
જાતના હિંદુ ઉ.આ.વ. ૭૪, વધી : વેપાર,
રહે. હોટલ આવોજી, ચલથાલ રેલ્વેસ્ટેશનની સામે, વાંકાનેડા,
તા. પલસાણા, જી.સુરત.
ચાલુ દાવે પ્રતિવાદી નં. ૨ ના ગુજરી જવાથી તેમનું નામ કમી"
અને તેમના વારસો યાને લીગલ રીપ્રેઝન્ટેટીવ તરીકે :
પ્રતિવાદી નં. ૨(એ)– **લીલાવતીબેન તે જયંતીભાઇ કુબેરભાઈની વિધવા.**
ઉ.વ. પુખ્ત, ધંધો –ઘરકામ
ઠે. હોટલ આવોજી, ચલથાલ રેલ્વેસ્ટેશનની સામે, વાંકાનેડા,
તા. પલસાણા, જી.સુરત
પ્રતિવાદી નં. ૨(બી)– **કીરીટભાઇ જયંતીભાઇ મોદી**
ઉ.વ. પુખ્ત, ધંધો –ખેતી/વેપાર
ઠે. હોટલ આવોજી, ચલથાલ રેલ્વેસ્ટેશનની સામે, વાંકાનેડા,
તા. પલસાણા, જી.સુરત
પ્રતિવાદી નં. ૨(સી)– **અમર જયંતીભાઇ મોદી**
ઉ.વ. પુખ્ત, ધંધો –ખેતી/વેપાર
ઠે. હોટલ આવોજી, ચલથાલ રેલ્વેસ્ટેશનની સામે, વાંકાનેડા,
તા. પલસાણા, જી.સુરત
પ્રતિવાદી નં. ૨(ડી)– **નીતાબેન જયંતીભાઇ તે સંજયભાઇ બીસ્કીટવાળાની પત્ની**
ઉ.વ. પુખ્ત, ધંધો –ઘરકામ
ઠે.બંગલા નં.–૬,૭, શીવ દર્શન સોસાયટી, મેરુલક્ષ્મી મંદીર
પાસે, તાડવાડી,સુરત.
પ્રતિવાદી નં. ૨(ઇ)– **દક્ષાબેન જયંતીભાઇ તે રાજેશભાઇ વસઇવાલાની પત્ની**

ઉ.વ. પુખ્ત, ધંધો –ઘરકામ
ઠે. છીબાવાલા મસાલાવાળા, પ્રેમગલી બેગમપુરા, જી.સુરત

(૩) **ચંપકભાઈ કુબેરભાઈ મોદી,**
જાતના હિંદુ. ઉ.આ.વ. ૬૫, ધંધો : વેપાર,
રહે ચલથાણ રેલ્વેસ્ટેશનની સામે, વાંકાનેડા, તા. પલસાણા,
સુરત.
ચાલુ દાવે પ્રતિવાદી નં. ૪ ના ગુજરી જવાથી તેમનું નામ કમી"
અને તેમના વારસો યાને લીગલ રીપ્રેઝન્ટેટીવ તરીકે :–

વાદી નં. ૪–એ– **શીલાબેન તે દીનેશકુમાર કુબેરભાઈની વિધવા**
જાતના : હિંદુ, ઉ.આ.વ.–૭૦, ધંધો : ઘરકામ

ઠે. હોટલ આવોજી. પાસે, કૈલાસનગર, સ્ટેશનની સામે, ચલથાણ
તા. પલસાણા, જી.સુરત

વાદી નં. ૪–બી– **અમિત દીનેશભાઈ મોદી**
જાતના : હિંદુ, ઉ.આ.વ.–૪૫, ધંધો : વેપાર ઠે. એજનના

વાદી નં. ૪–સી– **ધર્મેશ દીનેશભાઈ મોદી**
જાતના : હિંદુ, ઉ.આ.વ.–૪૨, ધંધો : વેપાર
ઠે. એંજનના

(૫) **વસંતિબેન નવનીતલાલ સુખડિયા,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૬૩, ધંધો ઘરકામ,
રહે.સી–ગ્ર૪, શાલીગ્રામ એપાર્ટમેન્ટ, ચોયોમાળ, ટી.જી.બી.
રેસ્ટોરન્ટની બાજુની ગલી, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત

(૬) **અનિલભાઈ ઈશ્વરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૧, ધંધો : વેપાર,
રહે, ૧૬, સરકાર નગર સોસાયટી, હોમીયોપેથીક કોલેજની પાસે, ભટાર રોડ, સુરત

(૭) **કમળાબેન તે ઈશ્વરભાઈ પરભુભાઈની વિધવા,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૭૦, ધંધો : ઘરકામ,
રહે,૧૬, સંસ્કાર નગર સોસાયટી, હોમીયોપેથીક કોલેજની પાસે, ભટાર રોડ, સુરત..

(૮) **ભરતભાઈ ઈશ્વરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૪૮, ધંધો : વેપાર, ર
હે.લોકપ્રિય ટ્રેડર્સ, ૯ જય જલારામ શોપીંગ સેન્ટર, જય જલારામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત..

(૯) **પ્રકાશભાઈ ઈશ્વરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૪૫, ધંધો : વેપાર,
રહે.લોકપ્રિય મીલજીન સ્ટોર, બાળ શહીદ ચોક, મઢીનીખમણી પાસે, સલાબતપુરા, સુરત.

(૧૦) **રંજનબેન ઈશ્વરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૦, વધો : ઘરકામ,
રહે. ડી–૪૦૧, શ્રીપદ રેસીડેન્સી, પાલનપુર કેનાલ રોડ, પાલ, વી ફોટ યુ હોસ્પીટલ પાસે, સુરત,

(૧૧) **દક્ષાબેન ઈશ્વરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૫, ધંધો : ઘરકામ,
રહે.બી ૬, સોમનાથ મહાદેવ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટરની ગલીમાં, પાર્લે પોઈન્ટ, સુરત/

(૧૨) **શાંતીલાલ પરભુભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૭૨, ધંધો : વેપાર,
રહે. ચલથાણ રેલ્વે સ્ટેશન સામે, વાંકાનેડા, તા. પલસાણા,

(૧૩) **બિપિનચંદ્ર અમૃતલાલ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૧, ધંધો : ખેતી તથા વકીલાત,
રહે, બી–૯, પુષ્પવાટીકા સોસાયટી, નુતન રો–હાઉસની પાછળ, સાંઈ રેસીડેન્સીની બાજુમાં, ન્યુ પાલ રોડ, સુરત.

(૧૪) **અનસુયાબેન અમૃતલાલ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૫, ધંધો : ઘરકામ,
રહે ૪૭, શીવદર્શન સોસાયટી, મેરૂલક્ષ્મીમમંદિરની પાછળ, તારવાડી, રાંદેર રોડ, સુરત.

(૧૫) **રીટાબેન અમૃતલાલ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૪૦, ધંધો : ઘરકામ,
રહે.૯, અમરધામ વિભાગ ૧, ગોરાટ હનુમાન મંદિર પાસે, તારવાડી, રાંદેર રોડ, સુરત.

(૧૬) **જનકભાઈ ઠાકોરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૮, ધંધો : વેપાર,
રહે, બંગલા નંબર ૧, પ્રભુદર્શન સોસાયટી, ખાંડ બજાર, રેલ્વે પોલીસ લાઈનની પાછળ, વરાછા રોડ, સુરત.

(૧૭) **હેમંતભાઈ ઠાકોરભાઈ મોદી,**
જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૬, ધંધો : વેપાર,
રહે, બંગલા નંબર ૧, પ્રભુદર્શન સોસાયટી, ખાંડ બજાર, રેલ્વે પોલીસ લાઈનની પાછળ, વરાછા રોડ, સુરત.

(૧૮) **નરેશભાઈ ઠાકોરભાઈ મોદી,**

જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૩, ધંધો : વેપાર, રહે, બંગલા નંબર ૧, પ્રભુદર્શન સોસાયટી, ખાંડ બજાર, રેલ્વે પોલીસ લાઇનની પાછળ, વરાછા રોડ, સુરત.

**દાવો :–ડેક્લેરેશન તથા જાથુકની મનાઈ હુકમ મેળવવા માટેનો તથા દરમ્યાન મનાઈ હુકમ વિગેરે મેળવવા બાબતનો તથા હિસાબ લેવા માટેનો વિગેરે.**

---

**વાદી તરફે વિ. વકીલ શ્રી એન.એસ.નાયક**

**પ્રતિવાદી તરફે નં. ૧ થી ૫ તથા ૧૬ થી ૧૮ વિ.વ.શ્રી એસ.જે.જરીવાલા**

**પ્રતિવાદી નં. ૨ (એ )થી ૨ (ઈ) તથા પ્રતિવાદી નં.૧૪ તથા ૧૫ તરફે પી.વી.નાણાંવટી.**

---

**–:: ચુ કા દો ::–**

**(૧)** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીની માતૃશ્રીના પિતાજીની તથા કાકાની એટલે કે કુબેરભાઈ રઘાભાઈ મોદીની તથા પરભુભાઈ રઘાભાઈ મોદીની સંયુકત માલિકીની નીચે જણાવેલી વિગત તથા વર્ણનવાળી મિલકત વડીલોપાર્જીત ચાલી આવેલી છે. જેની વિગત નીવે પ્રમાણેની છે. ત્યારબાદ જમીનોની વહેંચણી થતા નીચે જણાવેલી જમીનો વાદીના નાના કુબેરભાઇ રઘાભાઈ ના હિસ્સે ચાલી આવેલી.

મિલકતની વિગત

(૧) મોજે વાંકાનેડા, તા. પલસાણા, જી.સુરતના ગામે આવેલી બ્લોક નંબર ૧૧૭ વાળી જમીન

(૨) મોજે વાંકાનેડા, તા. પલસાણા, જી.સુરતના ગામે આવેલી બ્લોક નંબર ૧૧૬ વાળી જમીન તથા ૪૪ વાળી જમીન

(૩) મોજે કડોદરા, તા. પલસાણા, જી.સુરતના ગામે આવેલી બ્લોક નંબર ૧૧૦૨ વાળી જમીન

(૪) મોજે ખરભાસી, તા. પલસાણા, જી. સુરતમાં સામે આવેલી બ્લોક નં ૮૯

વાળી જમીન

(૫) મોજે વાંકાનેડા, તા. પલસાણા,જી.સુરત ગામે આવેલી બ્લોક નં. ૧૧૪ વાળી જમીન

(૬) મોજે કડોદરા તા. પલસાણા, જી. સુરતનાં ગામે આવેલી બ્લોક નંબર ૧૭૩ પૈકી ૩ વાળી જમીન

(૭) મોજે કડોદરા , તા.પલસાણા,જી. સુરતનાં ગામે આવેલી બ્લોક નં. ૧૫૬ પૈકી વાળી જમીન.

(૨) ઉપરોકત પેરા – (૧) વાળી તમામ જમીનના સૌ પ્રથમ માલિક (૧) કુબેરભાઈ રાવાભાઈ મોટી (૨) પરભુભાઈ રવાભાત મોટી કરીને હતા જે પૈકી કુબેરસમાઈ રવાભાઈ મોદી અમો વાદીના તથા પ્રતિવાદી નંબર – ૧૩ થી ૧૫ ના "નાના" થાય છે. આ રીતે ઉપરોક્ત તમભ મિલકતો પરભુભાઈ નાથાભાઈ મૌદી તેમજ કુબેરભાઈ રઘાભાઈ મોદીના સંયુકત નામે થાલી આવેલી હતી. ત્યારબાદ વહેંચણી થતા આ તમામ મિલકતો પરભુભાઈ સાસણભાઈના કિસ્સે ચાલી આવેલી. આ રીતે હમો વાઈના માતૃશ્રી તેમના દિકરી થતા હોવાથી તેઓ કાયદેસરના વારસદાર તરીકે ચાલી આવેલા છે અને આ રીતે અમો વાદીના માતૃશ્રી હંસાબેન તે કુબેરભાઈ સ્થાભાઈની દિકરીનો વાણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો છે જે પૈકી ૭/૧૨ માં જેઓનું નામ પણ ચાલે છે. આ રીતે અમો વાદી તથા પ્રતિવાદી નંબર ૧૩ થી ૧૫ ના માતૃશ્રીનું નામ પણ રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલું આ રીતે અમ વાદીના માતૃશ્રીનો વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો છે. જેથી પણ અમો વાદી તથા પ્રતિવાદી નંબર ૧૩ થી ૧૫ નો વણવહેચાયેલો હિસ્સો ચાલી આવેલો છે. અમો વાદીના માતૃશ્રીનું તા. ૧૧–૦૧–૧૯૯૯ ના રોજ અવસાન થયેલું છે. તેમજ અ વાદીનો "નાના" કુબેરભાઈ રઘાભાઈ મોદીનું પણ તા. ૧૪–૦૬–૧૯૭૩ ના રોજ બિનવસીચતી અવસાન થયેલુ છે. તેમજ અમો વાદીના "નાની" મણીબેન કુબેરસમાઈ મોદી પણ તા. ૨૧–૦૨–૧૯૮૮ ના રોજ બિનવસીચતી અવસાન પામેલા છે. આ રીતે અમો વાદીનું ઉપરોકત પેરા – (૧) વાળી તમામ મિલકતમાં હમારા માતૃશ્રીના અવસાન બાદ વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો છે. તેમજ પ્રતિવાદી નંબર ૧૧ થી ૧૫ નાનો પણ વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો છે.

(૩) આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના અમો વાદીના સગા મામા થાય છે. તેમજ પ્રતિવાદી નંબર ૫ ના અમો વાદીના સગા માસી થાય છે. તેમજ પ્રતિવાદી નંબર ૬ થી ૧૨ ના અમો વાદીના માતૃશ્રીના કાકાના દિકરાઓ તથા ભત્રીજાઓ થાય છે. તેમજ પ્રતિવાદી નંબર ૧૩ થી ૧૫ ના અમો વાદીના સગા ભાઈ – બહેન થાય છે.આ રીતે અમો વાદીનું સગપણ ચાલી આવેલું છે. આ કામના પ્રતિવાદી નંબર ૬ થી ૧૨ નું નામ બ્લોક નંબર ૧૧૪ વાળી મિલકતની ૭/૧૨ ની નકલમાં જોઈન્ટમાં નામ ચાલી આવેલી હોવાથી તેઓને પક્ષકાર તરીકે જોડેલા છે.

(૪) ઉપરોકત પેરા – (૧) વાળી મિલકતાં અમો વાદીના વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો હોવા છતાં આ કામના પ્રતિવાદી બબર – ૧ થી ૪ ના અમો વાદીને કોઈ દાદ આપતા નથી. અને ધાક–ધમકીઓ આપે છે કે અમો ઉપરોકત પેરા – (૧) વાળી મિલકત વેચી દઈશુ. એટલે કે ટાન્સફર, એસાઈન કરી દઈશુ. અમો વાદીનો ઉપરોકત તમામ મિલકતમાં વણવહેચાયેલો હિસ્સો ચાલી આવેલો છે. જે આ કામના પ્રતિવાદીઓ નંબર ૧ થી ૪ ના અમો વાદીનો હીસ્સો દુબાડવાની કોસીસ કરી કરાવી રહ્યા છે અમો વાદીનું તથા પ્રતિવાદી નંબર ૧૩ થી ૧૫ નાનું નામ બ્લોક નંબર ૧૧૪ વાળી મોજે વાંકાનેડા, તા. પલસાણામાં આવેલી ખાતા નંબર ૧૦૪ માં વારસાઈના આધારે ૭/૧૨ માં નામ પણ દાખલ થયેલા છે જે અંગે આ કામના પ્રતિવાદી નબર ૧ થી ૪ નાએ મામલતદાર પલસાણામાં નામ ચઢાવવા અંગે વાધો લીધો હતો. જેના આધારે મામલતદાર પલસાણાની કોર્ટમાં તકરારી કેસ નંબર ૯/૨૦૧૪ થયેલો કેસની સુનાવણી બાદ મામલતદાર પલસાણાનાએ આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાઓની વાંધા અરજી નામંજુર કરેલી. આ રીતે ત્યારબાદ અમો વાદીનું નામ તથા પ્રતિવાદી નબર ૧૩ થી ૧૫ ના નામ ૭/૧૨ માં તથા હકક પત્રકમાં નાયબ મામલતદારના હુકમથી પ્રમાણિત તા. ૨૬–૦૬–૨૦૧૪ ના રોજ થયેલા જે અંગેની નોંધ હકક પત્રકમાં કરવામાં આવી છે. આ રીતે અમો વાદીનો ઉપરોકત પેરા – (૧) વાળી મિલકતમાં તથા પ્રતિવાદી નંબર ૧૩ થી ૧૫ નાનો પણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો છે જેથી પણ આ દાવો અમો વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે ડેકલેરેશન તથા મનાઈ હુકમ વિગેરે મેળવવા માટે નોંધાવેલો છે.

(૫) અમો વાદીએ આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાને અમારા વણવહેચાયેલા હિસ્સા બાબતે તથા ભાગ અંગે તા. ૨૨–૦૭–૨૦૧૪ ના રોજ એક

કાયદેસરની વકીલ મારફતે નોટીસ પણ આપેલી જે તમામ પ્રતિવાદીઓને બજી પણ ગયેલી, તેમ છતાં આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાઓએ મજકુર નોટીસનો ખોટા અને ઉડાવ જવાબ વકીલ મારફતે આપેલો. અમો વાદીની નોટીસનો કોઈ અમલ કરેલો નહી. આ રીતે આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાની દાનત બગડેલી છે અને જમીનના ભાવો વધી ગયેલા હોવાથી અમો વાદીનો હિસ્સો ચાવ કરી જવા માંગે છે. આ રીતે પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના ઓની દાનત બગડેલી છે. જેથી પણ આ કામના પ્રતિવાદીઓ મિલકત કોઈ અન્યો શખ્સોને ટ્રાન્સફર એસાઇન કરે કરાવે નહી તે માટેનો આ દાવો કેલેરેશન તથા મનાઇ હુકમ વિગેરે મેળવવા માટે નોધાવેલ છે.

(૬) ઉપરોકત પેરા(૧) વાળી મિલકતી એટલે કે જમીનોમાં જાણી – જોઈને આ કામના પતિવાદી નંબર ૧ થી ૪ નાએ રેવન્ટુ રેકર્ડમા અમો વાદીની માતૃધીનું નામ દાખલ કરાવેલું નથી. વારસોનું નામ છુપાઈને વારસાઈઓ કરાવેલી છે. અપી વાદીની માતૃશ્રીનું નામ વારસાઈમાં દાખલ થવું જોઈતું હતું, પરંતુ આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના બદ ઈરાદે જાણી–જોઈને નામ દાખલ કરાવેલું નથી. આ રીતે પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાની રેકર્ડ ઉપર બદ દાનત સ્પષ્ટ દેખાઈ આવે છે. ઉપરોકર પેરા – (૧) માં જણાવેલી તમામ મિલકતો વડીલો પાર્જીત મિલકત છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના દિકરાઓના વહેંચણીના આધારે સામાવિકપણામાં નામ દાખલ કરવામાં આવેલા છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ થી x નાએ કોઈ પોતે મિલકત વસાવેલી નથી જે મિલકતી ચાલી આવેલી છે તે ઘડીલો પાર્જીતમાંથી ચાલી આવેલી છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાએ અંદરો અંદર વહેંચણીના આધારે સામાચિકપણામાં નામો દાખલ કરાવેલા છે. તેમજ આ કામમાં પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાઓએ બ્લોક નંબર ૧૧૪ વાળી મિલકતમાં અસંખ્ય ખોલીઓ બાંધી ભાડામો પણ નફાખોરી કરે છે. જેનો હિસાબ માંગતા તેનો કોઈ હિસાબ આપતા નથી, અને થાય તે કરી લો તેમ જણાવે છે. આ રીતે પ્રતિવાદીઓની દાનત ચોખ્ખી નથી. જમીનના ભાવો વધવાના કારણે તેઓની દાનત બગડેલી છે. અમો વાદીના "નાના કે નાની" એ સદરહુ ઉપરોકત પેરા –(4) વાળી મિલકતો અંગે કોઈ લખાણો કે વીલ પણ કરેલા નથી. તેઓ બિનવસીયતી અવસાન પામેલા છે. આ રીતો અમો વાદીનો અમારી માતૃશ્રીમાં હિંદુ વારસદાર પ્રમાણે પણ કાયદેસરનો હકક, હિત, હિસ્સો લાગે છે. અને હકક, હિત, હિસ્સો ચાલી આવેલો છે હમો

વાદીએ ઉપરોકત પેરા – (૧) વાળી મિલકતોની ૭/૧૨ ની નકલ તથા હકકપત્રકની તથા ફેરફાર એન્ટ્રીઓની નકલ જુદા લીસ્ટથી રજુ કરેલી છે. જેનાથી પણ સ્પષ્ટ માલુમ પડશે કે અમો વાદીનો તથા પ્રતિવાદી નંબર ૧૩ થી ૧૫ નાનો વણવહેંચાયેલો ચાલી આવેલો છે. આ રીતે અમો કાયદસેરના માલિક થયેલા છે. તેમ છતા પણ આ કામના પ્રતિવાદીઓ અમો વાદીને ગાંઠતા નથી અને થાય તે કરી લો તેમ જણાવે છે. અને તેઓ જણાવે છે કે, તમારો કોઈ હકક, હિત, હિસ્સો નથી. અમો તમોને કાંઇ આપવાના નથી. તમારાથી થાય તે કરી લો, તેમ જણાવે છે. જેમ કરવાનો પ્રતિવાદીઓને કોઈ હકક કે અધિકાર નથી.

(૬–એ) આ ગામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ એ મર્હુમ મણીબેન કુબેરદાસ મોદીનું રજુ કરેલું તા. ૧૧–૦૩–૧૯૮૬ નું વિલ કે જે તા. ૧૧–૦૯–૧૯૮૬ ના રોજ રજિસ્ટર્ડ થયાનું જણાવે છે. તે વિલ મુળથી ખોટુ, નિરર્થક, સતા તથા હકુમત વગરનું, બિન અમલી, બિનઅધિકૃત અને ગેરકાયદેસર છે તથા તે વિલ પ્રતિવાદી નંબર ૧ થી છે નાએ અન્ય કોઈ ભળતી વ્યક્તિને ઉભી કરીને ખોટી રીતે રજીસ્ટર્ડ કરાવેલ છે અને તે રીતે સદરહુ વિલ નલ એન્ડ વોઇડ છે. સદરહુ વિલ કરવાની મણીબેન કુબેરદાસ મોદીને કોઇ સતા કે અધિકાર ન હતા. કારણ કે દાવાવાળી જમીનો એકત્ર કુટુંબની વડીલોપાર્જીત જમીનો ચાલી આવેલી તેથી તેનું વિલ થઈ શકે નહી. વધુમાં મણીબેન કુબેરદાસ મોદી સહી કરતા હતા જયારે કહેવાતા વિલમા અંગુઠાનું નિશાન કરેલું છે. તેથી પણ વિલ ખોટું હોવાનું આપોઆપ પુરવાર થાય છે. કહેવાતુ વિલ થયું તે પહેલા આશરે ૨ વર્ષ ઉપરાંતથી મણીબેન કુબેરદાસ મોદી પથારીવશ હતા. માનસિક સ્થિતી સારી ન હતી. અને સારુ નરસું સમજી શકતા ન હતા. પ્રતિવાદી નંબર ૧ થી ૪ ની પહેલેથી જ બદદાનત હમો મર્હુમ હંસાબેન તે કુબેરદાસ રઘાભાઈની દિકરીના વારસોને હિસ્સો ન આપવો પડે તેવી હોવાથી બનાવટી, બોગસ વિલ ઉભું કયુ છે. તેથી તે વિલથી પ્રતિવાદી નંબર ૧ થી ૪ ને દાવાવાળી જમીનો કે તેનો કોઈ હિસ્સો પ્રાપ્ત થતો નથી તે વિલ રદબાતલ ઠરાવવાની જરૂર છે અને તે વિલ રદ કરવાનો હુકમ કરવાની જરૂર છે.

(૭) અમો વાદીએ ઉપરોકત પેરા – (૧) વાળી મિલકતો અંગે રેવન્યુ રેકર્ડમાં વારસાઈ કરાવવા જતાં આ કામના પ્રતિવાદી નંબર – (૧) થી (૪) ઓએ ખોટા વાઘાઓ લીધેલા તેમ છતા મામલતદાર પલસાણાનાએ હમો વાદીનું તથા પ્રતિવાદી

નંબર ૧૩ થી ૧૫ નાનું નામ વારસાઈથી ૭/૧૨ માં દાખલ કરેલું છે. અને આ કામના પ્રતિંવાદીઓના મામલતદારશ્રીએ વા ધાઓ નામંજુર કરેલા, આ તમામ કાર્યવાહી દરમ્યાન પ્રતિવાદી નંબર ૪ ના દિકરા અમિત દિનેશચંદ્ર મોદીએ અમો વાદી સાથે ફોન ઉપર ગમે તેમ મા–બેન સમાનની ગાળો દીધેલી અને અમો વાદીને ધાક ધમકીઓ આપેલી જે અંગેનું તમામ રેકોડીંગ અમો વાદીએ મોબાઇલમાં રેકોડીંગ પણ કરેલું છે, અને તે અમો વાદી મહેરબાન સુરત પોલીસ કમિશ્નર સાહેબની કચેરીમાં ફરીયાદ પણ કરેલી છે. આ રીતે આ કામના પ્રતિવાદીઓનો અસામાજીક તત્વો સાથે સંબંધ છે. અને તેઓ જણાવે છે પોલીસ પણ અમારુ કઈ કરી શકવાની નથી. આ કામના પ્રતિવાદીઓનો રાજકારણીઓ સાથે પણ ગાઢ સંબંધ છે. આ રીતે પ્રતિવાદી પૈસાદાર અને પહોંચેલી વ્યકિત છે. અમો વાદી સામાન્ય સ્થિતીના માણસ છે. મહેનત કરીને ગુજરાન ચલાવીએ છીએ, અમો વાદી કાયદાને માન આપી ચાલનાર શખ્સ છે. પ્રતિવાદીઓ કાયદાને માન આપતા નથી. જંગલનું સામ્રાજય ફેલાવે છે. તેમ કરવાનો તેઓને કંઈ હકક કે અધિકાર નથી. આ કામના પ્રતિવાદીઓ ૧ થી ૪ નાઓ તેઓ હાલમાં ઉપરોક્ત પેરા – (૧) વાળી જમીની વેચવા માટે ફરી રચા છે, જે અંગે અમો વાદીને દલાલો એ પણ જણાવેલું છે કે તમારા મામા ઉપરોકર પેરા – (૧) વાળી જમીનો વેચવા ફરી રહ્યા છે. જેથી અમો વાદીએ આ દાવી ડેકોરેશન તથા દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટે પણ કરેલો છે. જેથી પણ યથાવત પરિસ્થીતી જાળવી રાખવાની જરૂરી છે.

(૮) આ દાવાનું કારાણ અમો વાદીએ આ કામના પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાઓને કાયદેસરની નોટીસ તા. ૨૨–૦૭–૨૦૧૪ ના રોજ અમારા હઠક, હિત, હિસ્સા માટે આપી ત્યારબાદ પ્રતિવાદી નબર ૧ થી ૪ ના ઓએ તેનો ખોટો અને ઉડાવ જવાબ વકીલ મારફતે તા. ૦૨–૦૮–૨૦૧૪ ના રોજ આપ્યો ત્યારે તેમ જઆ કામના પ્રતિવાદી નં. ૧ થી ૪ ના ઓએ પેરા – (૧) વાળી મિલકતો યાને જમીનો ટ્રાન્સફર, એસાઇન કરી દેવાની હમો વાદીને ધાક – ધમકીઓ આપી ત્યારે કરવાની જરૂરત પડી છે, અને ત્યારબાદ ઉત્પન્ન થયું છે. જેથી પણ મજકુર દાવો મુદતમાં છે.

(૯) ઉપરોકત ઘેરા – (૧) વાળી જમીનનો આપ નામદાર કોર્ટની હકુમતમાં આવેલી હોવાથી આપ નામદાર કોર્ટનો હકુમતમાં આવેલી હોવાથી આપ નામદાર

કોર્ટને મજકુર દાવો સાંભળવાનો હકક અને અધિકાર છે.

(૧૦) આ દાવો ડેકલેરેશન તથા જાયુકનો મનાઈ હુકમ તથા દરમ્યાન મનાઈ હુકમ વિગેરે મેળવવા માટે કરેલો હોવાથી જેનો આંક રૂા. ૧૦૦૦/– નો રાખી તેના ઉપર નો કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલો છે. હકુમત પ્રોસેસ વિગેરે માટે પણ દાવાનો આંક એ જ રાખેલો છે.

**વાદીએ દાદ માંગેલ છે કે,**

(૧) ઉપરોકત પેરા – (૧) વાળી જમીનો અંગે એટલે કે શિડયુલ – એ વાળી તમામ જમીનોમાં અમો વાદીનો વણવહેચાયેલો હિસ્સો ચાલી આવેલો છે. તેવુ ડેકલેરેશન અમો વાદીના લાભમાં જાહેર કરશોજી.

(૧–અ) મહુમ મણીબેન કુબેરદાસ મોદીનું કહેવાતું વિલ કે જે તા. ૧૧–૦૩–૧૯૮૬ ના રોજ સહી થયાનું અને તા. ૧૧–૦૯–૧૯૮૬ ના રોજ રજીસ્ટર્ડ થયાનું પ્રતિવાદી જણાવે છે તે વિલ મુળથી જ ખોટું, નિરર્થક, સતા તથા હકુમત વગરનું, બિનઅમલી, બિનઅધિકૃત અને ગેરકાયદેસર છે. તથા તે વિલ પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાએ અન્ય કોઈ ભળતી વ્યકિતને ઉભી કરીને ખોટી રીતે રજીસ્ટર્ડ કરાવેલ છે. અને તે રીતે સદરહુ વિલ નલ એન્ડ વોઈડ છે તેમ ઠરાવી સદરહુ વિલ રદબાતલ ઠરાવશોજી.

(૨)આ કામના પ્રતિવાદીઓ ઉપરોકત પેરા – (૧) વાળી જમીનો હમો વાદીની સમતિ વગર અન્ય કોઇને હસ્તે પરહસ્તે ટ્રાન્સફર, એસાઇન કરે કરાવે નહી કે કોઇ અન્યોના હકક, હિત, હિસ્સા, બોજો ઉત્પન્ન હસ્તે પરહસ્તે કરે કરાવે નહી કે હસ્તે પરહસ્તે ઉપરોકત પેરા – (૧) વાળી જમીનો અન્ય કોઇને ભાડે યા લાયસન્સીથી યા અન્ય કોઇપણ રીતે હસ્તે પરહસ્તે ટ્રાન્સફર, એસાઇન કરે કરાવે નહી તેમજ સદરહુ ઉપરોકત પેરા – (9) વાળી જમીનોમાં કોઈ બાંધકામ, ખોદકામ કે કોઈ પણ જાતના જમીનોની આઈડેન્ટીટીમાં કોઇ ફેરફાર થાય તેવું કોઇપણ જાતનું કૃત્ય હસ્તે પરહસ્તે કરે કરાવે નહી તેવો આ કામના પ્રતિવાદીઓને જાથુકનો મનાઈ હુકમ ફરમાવો.

(૩) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી કનેથી અપાવશોજી.

(૪) આ દાવાની એકંદર હકીકતમા બીજી રીતે વધુ અને યોગ્ય લાગે તે અને મુનાસબ લાગે તે રીતે બીજી વધુ દાદ અપાવશોજી.

**(૨)** ઉપરોક્ત હકીકતે વાદીએ દાવો રજૂ કરતા તે દાવા રજિસ્ટરે દાખલ કરી પ્રતિવાદીઓને ધોરણસરના સમન્સ/નોટિસ કાઢતા પ્રતિવાદીઓ હાજર થઇ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ આંક-૧૪ થી લેખિત જવાબ રજુ કરેલ છે. આંક-૯૩ થી સુધારેલી દાવા અરજીનો લેખિત જવાબ પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ રજુ કરેલ છે. આંક-૧૦ થી પ્રતિવાદી નં.૧૩ નાઓએ દાવાજી તથા મનાઇ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. આંક-૧૧ થી પ્રતિવાદી નં.૧૪ તથા ૧૫ નાઓનો દાવા અરજીનો-મનાઇ અરજીનો જવાબ રજૂ કરેલ છે. આંક-૧૭૧ થી પ્રતિવાદી નં. ૨ (એ) થી ૨(ઇ) તરફે લેખિત જવાબ રજુ કરેલ છે.

**(૩)** વાદીએ હાલનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**-:: મૌખિક પુરાવા ::-**

| **ક્રમ** | **શાહેદોના નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી રાકેશ અમૃતલાલ મોદીના સોગંદ પર સરતપાસ | ૩૪ |

**-:: દસ્તાવેજી પુરાવા ::-**

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક/ નિશાની** |
|---|---|---|
| ૧ | મોજે વાંકાનેડા તાલુકો પલસાણા જીલ્લો સુરતના ગામે આવેલ બ્લોક નં.-૧૧૭ વાળી જમીનની ૭/૧૨ ની ઝેરોક્ષ નકલ | ૩/૧ |
| ૨ | એજન બ્લોક નં.૧૧૬ વાળી જમીન ની ઝેરોક્ષ નકલ | ૩/૨ |
| ૩ | એજન બ્લોક નં.-૪૪ વાળી જમીનની ઝેરોક્ષ નકલ | ૩/૩ |
| ૪ | એજન બ્લોક નં.-૧૭૨ વાળી જમીનની ઝેરોક્ષ નકલ | ૩/૪ |
| ૫ | મોજે ખરભાસી તાલુકો-પલસાણા જી.સુરત નાની બ્લોક નં.- | ૩/૫ |

| | | |
|---|---|---|
| | ૮૯ વાળી જમીનની ઝેરોક્ષ નકલ | |
| ૬ | એજન બ્લોક નં.૧૧૪ વાળી જમીનની ઝેરોક્ષ નકલ | ૩/૬ |
| ૭ | એજન બ્લોક નં.૧૭૩ પૈકી ૩ વાળી જમીનની ઝેરોક્ષ નકલ | ૩/૭ |
| ૮ | એજન બ્લોક નં. ૧૫૬ પૈકીવાળી જમીનની ઝેરોક્ષ નકલ | ૩/૮ |
| ૯ | વાદીએ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાને આપેલ નોટીસ | ૩/૯ |
| ૧૦ | ઉપરોકત નોટીસનો પ્રતિવાદીઓએ આપેલ ઉડાઉ જવાબ | ૩/૧૦ |
| ૧૧ | વાદીના માતૃશ્રીના મરણના દાખલાની ઝેરોક્ષ | ૩/૧૧ |
| ૧૨ | મામલતદાર પલસાણાએ તકરારી કેસ નં. ૯/૨૦૧૪ માં કરેલ હુકમ | ૩/૧૨ |
| ૧૩ | વાદી તથા પ્રતિવાદી નં. ૧૩ થી ૧૫ નાનું મામલતદાર પલસાણાના હુકમ પ્રમાણે ૭/૧૨ માં એન્ટ્રી પ્રમાણિત થઇ તે. | ૩/૧૩ |
| ૧૪ | કામરેજનાં નાયબ કલેકટર સાહેબના આર.ટી.આઇ. નં. ૨૨૧/૨૦૧૪ ના હુકમની નકલ | ૨૫/૧ |
| ૧૫ | વાદીએ આપેલ ગુજરાત ગેસ કંપનીમાં વાંધ અરજી | ૨૫/૨ |
| ૧૬ | નોધ નં. ૪૬૬ ના કામે પક્ષકારોને ૧૩૫–ડી ની નોટીસ | ૨૫/૩ |
| ૧૭ | એજન પેઢીનામું | ૨૫/૪ |
| ૧૮ | એજનમાં મણીબેન કુબેરભાઇ એ આપેલ સ્ટેટમેન્ટની નકલ | ૨૫/૫ |
| ૧૯ | દાવાવાળી મિલકતોની હકકપત્રકોની નકલો | ૨૫/૬ |
| ૨૦ | વાંકાનેડા,તા. પલસાણા જી.સુરત ના દફતરે પાડવામાં આવેલ નોધ નં. ૪૩૪ ના નમુના નં. ૬–અ– ના ઉતારાની નકલ | ૨૮/૧ |
| ૨૧ | વાંકાનેડા,તા. પલસાણા જી.સુરત ના દફતરે પાડવામાં આવેલ નોધ નં. ૪૬૬ ના નમુના નં. ૬–અ– ના ઉતારાની નકલ | ૨૮/૨ |
| ૨૨ | વાંકાનેડા,તા.પલસાણા જી.સુરત ના દફતરે પાડવામાં આવેલ નોધ નં. ૫૭૦ ના નમુના નં. ૬–અ– ના ઉતારાની નકલ | ૨૮/૩ |
| ૨૩ | વાંકાનેડા,તા. પલસાણા જી.સુરત ના દફતરે પાડવામાં આવેલ નોધ નં. ૭૧૭ ના નમુના નં. ૬–અ– ના ઉતારાની નકલ | ૨૮/૪ |
| ૨૪ | વાંકાનેડા,તા. પલસાણા જી.સુરત ના દફતરે પાડવામાં આવેલ નોધ નં. ૯૧૪ ના નમુના નં. ૬–અ– ના ઉતારાની નકલ | ૨૮/૫ |
| ૨૫ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૧૧૭ ની ૭/૧૨ ની નકલ | ૩૮ |
| ૨૬ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૧૧૬ ની ૭/૧૨ ની નકલ | ૩૯ |
| ૨૭ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૪૪ ની ૭/૧૨ ની નકલ | ૪૦ |

| | | |
|---|---|---|
| ૨૮ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૧૭૧/૧ ની ની ૭/૧૨ ની નકલ | ૪૧ |
| ૨૯ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૧૭૨/૧ ની ૭/૧૨ ની નકલ | ૪૨ |
| ૩૦ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૧૭૨/૧ ની ૭/૧૨ ની નકલ | ૪૩ |
| ૩૧ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૮૯ ની ૭/૧૨ ની નકલ | ૪૪ |
| ૩૨ | મોજે ગામ વાંકનેડાના બ્લોક નં. ૧૧૪ ની ૭/૧૨ ની નકલ | ૪૫ |
| ૩૩ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૫૬ પૈકી ની ૭/૧૨ ની નકલ | ૪૬ |
| ૩૪ | ૮–અ ની ખાતાવહી | ૪૭ |
| ૩૫ | એજન | ૪૮ |
| ૩૬ | એજન | ૪૯ |
| ૩૭ | એજન | ૫૦ |
| ૩૮ | એજન | ૫૧ |
| ૩૯ | એજન | ૫૨ |
| ૪૦ | એજન | ૫૩ |
| ૪૧ | હકક પત્રક નોધ નં.–૪૬૬ | ૫૪ |
| ૪૨ | હકક પત્રક નોધ નં.–૫૦૩ | ૫૫ |
| ૪૩ | હકક પત્રક નોધ નં.–૫૦૫ | ૫૬ |
| ૪૪ | હકક પત્રક નોધ નં.–૫૭૦ | ૫૭ |
| ૪૫ | હકક પત્રક નોધ નં.–૨૫૭ | ૫૮ |
| ૪૬ | હકક પત્રક નોધ નં.–૭૧૭ | ૫૯ |
| ૪૭ | હકક પત્રક નોધ નં.–૯૧૪ | ૬૦ |
| ૪૮ | હકક પત્રક નોધ નં.–૮૫૯ | ૬૧ |
| ૪૯ | હકક પત્રક નોધ નં.–૮૨૩ | ૬૨ |
| ૫૦ | હકક પત્રક નોધ નં.–૧૨૬૪ | ૬૩ |
| ૫૧ | હકક પત્રક નોધ નં.–૪૮૯ | ૬૪ |
| ૫૨ | હકક પત્રક નોધ નં.–૨૨૦૨ | ૬૫ |
| ૫૩ | નોધ નંબર –૪૬૬ ના તુમાર | ૬૬ |
| ૫૪ | એજન | ૬૭ |
| ૫૫ | એજન | ૬૮ |
| ૫૬ | હકક પત્રક નોધ નં–૧૧૪૬ | ૬૯ |

| | | |
|---|---|---|
| ૫૭ | પ્રતિવાદીને વાદીએ મોકલેલ નોટીસ | ૭૦ |
| ૫૮ | આર.પી.એ.ડી. મારફ્ત મોકલેલ નોટીસની રસીદ | ૭૧ |
| ૫૯ | એજન | ૭૨ |
| ૬૦ | એજન | ૭૩ |
| ૬૧ | એજન | ૭૪ |
| ૬૨ | એજન | ૭૫ |
| ૬૩ | એજન | ૭૬ |
| ૬૪ | એજન | ૭૭ |
| ૬૫ | એકનોલેજમેન્ટ | ૭૮ |
| ૬૬ | નોટીસ પરત ફ્રેલ તે અસલ કવર | ૭૯ |
| ૬૭ | કવર રીફ્યુઝડના શેરા સાથે આવેલ કવર | ૮૦ |
| ૬૮ | એજન | ૮૧ |
| ૬૯ | એજન | ૮૨ |
| ૭૦ | પ્રતિવાદીએ વાદીના એડવોકેટને આપેલ નોટીસનો જવાબ | ૮૩ |
| ૭૧ | વાદીએ વળતો જવાબ મોકલેલ તેની કોપી | ૮૪ |
| ૭૩ | પલસાણાના મામલતદાર ના કેસ નં. ૦૯/૨૦૧૪ ના કામે કરેલ હુકમની નકલ | ૮૫ |
| ૭૪ | કામરેજના મામલતદાર સાહેબની કોર્ટમાં કરેલ કેસ નં.–૦૯/૨૦૧૪ ના હુકમની નકલ | ૮૬ |
| ૭૫ | હંસાબેન અમૃતલાલ ખુશાલદાસ મોદીના મરણ દાખલાની કોપી | ૮૭ |
| ૭૬ | માનનીય સુરતના કલેકટર સાહેબના આર.ટી.આઇ. નં. ૨૬૫/૨૦૧૬ ના કામમાં થયેલા હુકમની નકલ | ૧૩૬ |
| ૭૭ | પ્રતિવાદી નં.૧ ઠાકોરભાઇ કુબેરભાઇ મોદીનાઓનું અવસાન થયેલ હોય તે જાહેર પ્રસિધ્ધી | ૧૩૮ |
| ૭૮ | રાકેશકુમાર અમરતલાલ મોદીના મરણ પ્રમાણપત્રની અસલ | ૧૪૬ |
| ૭૯ | પોસ્ટ ખાતા ધ્વારા આપવામાં આવેલ આર.પી.એ.ડી.ની સફ્રેદ પાવતી | ૧૫૬/૧ |
| ૮૦ | સફ્રેદ પાવતીનું એકનોલેજમેન્ટ | ૧૫૬/૨ |

વાદી તરફે આંક –૧૭૮ થી ફાઇનલ લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે.ત્યારબાદ આંક–૮૮ થી વાદી તરફે મૌખિત પુરાવો પુરો થયાનું પુરસીસ રજુ રાખેલ છે.

(૪) પ્રતિવાદીએ હાલનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| ક્રમ | શાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | ચંપકભાઇ કુબેરદાસ મોદીની સોગંદ પર સરતપાસ | ૧૦૪ |
| ૨ | મહેન્દ્ર ઈશ્વરલાલ દેસાઈની સોગંદ પર સરતપાસ | ૧૬૩ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | મણીબેન કુબેરભાઇ મોદીનાં મરણ દાખલાની નકલ | ૧૦૬ |
| ૨ | કડોદરા બ્લોક નં.૧૫૭ પૈકી પ્લોટ નં.૯૩ નો વેચાણ દસ્તાવેજ | ૧૦૭ |
| ૩ | કડોદરા બ્લોક નં.૧૫૭ પૈકી પ્લોટ નં.૧૨૨ નો વેચાણ દસ્તાવેજ | ૧૦૮ |
| ૪ | કડોદરા બ્લોક નં.૧૫૭ પૈકી પ્લોટ નં.૯૨ નો વેચાણ દસ્તાવેજ | ૧૦૯ |
| ૫ | કડોદરા બ્લોક નં.૧૫૭ પૈકી પ્લોટ નં.૧૨૫ નો વેચાણ દસ્તાવેજ | ૧૧૦ |
| ૬ | કડોદરા બ્લોક નં.૧૫૭ પૈકી પ્લોટ નં.૧૫૦ નો વેચાણ દસ્તાવેજ | ૧૧૧ |
| ૭ | કડોદરા બ્લોક નં.૧૫૭ પૈકી પ્લોટ નં.૧૧૭નો વેચાણ દસ્તાવેજ | ૧૧૨ |
| ૮ | વેચાણ દસ્તાવેજ નં. ૧૭૬૨/૧૯૭૪ ની નકલ | ૧૧૩ |
| ૯ | વેચાણ દસ્તાવેજ નં. ૧૭૬૩/૧૯૭૪ ની નકલ | ૧૧૪ |
| ૧૦ | વેચાણ દસ્તાવેજ નં. ૧૭૬૪/૧૯૭૪ ની નકલ | ૧૧૫ |
| ૧૧ | વેચાણ દસ્તાવેજ નં. ૧૭૬૫/૧૯૭૪ ની નકલ | ૧૧૬ |
| ૧૨ | કુબેરભાઇ રધાભાઇ મરણ દાખલાની નકલ તા. ૧૪/૦૬/૧૯૭૬ | ૧૧૭ |
| ૧૩ | મોજે વાંકાનેડા, તા. પલસાણા,જી.સુરત બ્લોક નં.૧૧૭ ના ૭/૧૨ ની નકલ | ૧૧૮ |
| ૧૪ | એજન ના ઉતારાની નકલ | ૧૧૯ |
| ૧૫ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૧૧૬ના ૭/૧૨ ની નકલ | ૧૨૦ |

| | | |
|---|---|---|
| ૧૬ | ઓજન ખાતા નં. ૨૮ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૨૧ |
| ૧૭ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૪૪ ના ૭/૧૨ ની નકલ | ૧૨૨ |
| ૧૮ | ઓજન ખાતા નં. ૨૮ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૨૩ |
| ૧૯ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૧૭૨ ના ૭/૧૨ ની નકલ | ૧૨૪ |
| ૨૦ | ઓજન ખાતા નં. ૧૧૪૧ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૨૫ |
| ૨૧ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૮૯ ના ૭/૧૨ ની નકલ | ૧૨૬ |
| ૨૨ | ઓજન ખાતા નં. ૮૩ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૨૭ |
| ૨૩ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૧૧૪ ના ૭/૧૨ ની નકલ | ૧૨૮ |
| ૨૪ | ઓજન ખાતા નં. ૧૦૪ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૨૯ |
| ૨૫ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૧૭૩/૩ ના ૭/૧૨ ની નકલ | ૧૩૦ |
| ૨૬ | ઓજન ખાતા નં. ૧૧૪૩ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૩૧ |
| ૨૭ | મોજે વાંકાનેડા , તા.પલસાણા,જી. સુરતના બ્લોક નં. ૧૫૬ ના ૭/૧૨ ની નકલ | ૧૩૨ |
| ૨૮ | ઓજન ખાતા નં. ૧૦૦૮ ની ૮/અ ના ઉતારાની નકલ | ૧૩૩ |
| ૨૯ | મણીબેન કુબેરદાસ મોદીના અંતિમ અને આખરી વસીયતનામાની નકલ | ૧૩૪ |

ત્યારબાદ આંક–૧૮૯ થી પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ તરફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૭૫ થી પ્રતિવાદીઓ તરફે વધુ કોઇ લેખિત કે મૈખિક પુરાવા રજુ કરવા માંગતા ન હોવાની પુરસીસ રજુ રાખેલ છે.

**(૫)** આ દાવાના નિર્ણય માટે મારા પુરોગામી સિવિલ જજશ્રીનાઓએ આંક–૨૯ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

## –:: મુદ્દાઓ ::–

1. Whether the Plaintiff proves that, Plaintiff being legal heir of deceased Hansaben D/D.Kuberbhai Raghabhai has undivided share in the suit property?

2. Whether the Plaintiff proves that, suit properties are the ownership of joint hindu family?

3. Whether the Defendant no.1 to 4 proves that they became owner of the suit properties by way of will dated 11/09/1986 executed by deceased Maniben Kuberdas?

4. Whether the Defendant proves that, the suit is barred by law of limitation?

5. Whether the Plaintiff is entitled for relief as prayed for?

6. What order and decree?

**(૦૬)** ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

## –:: નિર્ણયો ::–

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. હકારમાં.

૪. નકારમાં

૫. નકારમાં.

૬. આખરી હુકમ મુજબ.

(૦૭)        ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયોના કારણો આ પ્રમાણે છે.

**–:: કારણો ::–**

(૦૮) આ કામે વાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે.જેમાં તેઓએ પોતાની દાવા અરજીની હકીકતોને પુનરાવર્તન કરેલ છે.ત્યારબાદ આંક–૯૪ થી પ્રતિવાદીના વિ.વ.શ્રી. એ વાદીની ઉલટતપાસનો હકક રી–ઓપન કરવાની અરજી આપતા નામદાર કોર્ટે તેના પર હુકમ કરી પ્રતિવાદી નં.૧ થી ૪ ના વિ.વ.શ્રી એસ.જે.જરીવાલા નાઓ ધ્વારા વાદી રાકેશ અમૃતલાલ મોદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે,

- મારા નાના કુબેરભાઈ ના કેટલા ભાઈઓ હતા તેની મને ખબર નથી. આ કુબેરભાઈ કઈ તારીખે અવસાન પામેલા તે હાલ મને યાદ નથી. કુબેરભાઈ ના અવસાન વખતે મારો જન્મ થઈ ગયેલ હતો. કુબેરભાઈ ને કુલ ૪ દીકરાઓ છે. અને બે દીકરીઓ છે. આ ચાર દીકરાઓ માં હાલના પ્ર.વા. નં.૧ થી ૪ આવેલા છે. અને દીકરી પૈકી એક મારા માતા એટલે કે હાલના વાદી અને બીજા હાલના પ્રાવા.નં.પ આવેલ છે.

- એ વાત ખરી છે કે મેં મારી સરતપાસ માં એવી હકીકત જણાવેલ છે કે જમીનો ની વહેંચણી થતાં કુબેરભાઈ ના હીસ્સામાં જમીન આવેલી. આ વહેંચણી કયાં વર્ષ માં થયેલ તેની મને જાણ નથી, અને આવી કોઈ વહેંચણી અંગેના પુરાવા હાલના કામે રજુ રાખેલ છે. જે હાલ ના કામે આંક–પ૮ થી રજુ છે. મને આંક–પ૮ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે આ નોંધ નં.૨૫૭ ની છે. અને તેમાં સર્વે નં.૧૧૪ સિવાય અન્ય જમીન નો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે આ નોંધ પરભુભાઈ જગાભાઈ ગુજરી જવાથી પડેલ વારસાઈ ની નોંધ છે.

- આ ઉપરાંત આંક–પ૯ થી નોંધ નં.૭૧૭ ની પણ રજુ છે. જે મને બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં સર્વે નં.૪૪ તથા ૧૧૬ વાળી જમીનો નો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે આ નોંધ થી જનકભાઈ ઠાકોરભાઈ વિ. ના નામો દાખલ થયેલ છે. તેઓ મારા મામા ના છોકરાઓ થાય છે.

- મારી જન્મ તા.૨૬/૦૮/૧૯૭૧ છે. મારા માતા તા. ૧૧/૦૧/૧૯૯૯ ના રોજ અવસાન પામેલા. એ વાત ખરી છે કે મારા નાનાનું અવસાન તા. ૧૪/૦૬/૧૯૭૩ ના રોજ થયેલ હતુ.

- એ વાત નો મને ખ્યાલ નથી કે મારા માતા એ અવસાન પામ્યા પહેલા દાવાવાળી જમીનો બાબતે મારા મામા સાથે કોઈ તકરાર કરેલી કે કેમ? અને કોઈ કેસ કરેલા કે કેમ?

- ***એ વાત ખરી છે કે ૧૯૯૯ થી ૨૦૧૫ સુધી અમોએ આ દાવાવાળી જમીનો બાબતે કોઈ કેસ કરેલા ન હતા. એ વાત ખરી છે કે હંસાબેન એટલે કે મારા માતા ના બાકી ના વારસદારો ધ્વારા પણ કોઈ કેસ કરવામાં આવેલ નહી.*** એ વાત ની મને ખબર નથી કે પ્ર.વા.નં ૫ કે જેઓ મારા માસી થાય છે તેમણે આ જમીનો બાબતે કોઈ કેસ કરેલા હતા કે કેમ?

- એ વાત ખરી છે કે વર્ષ–૧૯૯૯ બાદ તા.૨૨/૦૭/૨૦૧૪ ના રોજ પ્રથમ વખત આંક–૭૦ વાળી નોટીસ મોકલાવેલ હતી. આ નોટીસ ની સુચના આપવા વકીલશ્રી પાસે હું પોતે ગયેલો હતો. એ વાત ખરી છે કે મેં મારા મામા તરફે થી આવેલ મારી નોટીસ નો જવાબ મેં વાંચેલો હતો. જે હાલના કામે આંક–૮૩ થી રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે આ આંક–૮૩ વાળા જવાબ માં જણાવેલ હકીકતો સાચી છે.

- એ વાત ખરી છે કે વાંકાનેડા ના બ્લોક નં. ૧૧૪ માં વારસાઈ અંગેની કાર્યવાહી બીપીનભાઈ અમૃતભાઈ ના ઓએ કરેલી હતી. એ વાત ખરી છે કે હાલના કામે આંક–૮૫ થી રજુ રાખેલ હુકમ બીપીનભાઈએ મેળવેલ તે જ છે.

- મારે તથા હંસાબેન એટલે કે મારા માતા ના અન્ય વારસદારો વચ્ચે કોઈ જ પ્રકાર ના ઝઘડા થયેલ નથી. અને હાલ અમો બધા સાથે જ છીએ.

- મારા માતૃશ્રી ના અવસાન સમયે અમો વાડી ફળીયા, ક્ષેત્રપાલ ની શેરી,

સુરત ખાતે રહેતા હતા. જે મિલકત ભાડા ની હતી. એ વાત ખરી છે કે આ ભાડા ની મિલકત ખાલી કરી અમે અમારા પોતાની માલીકી ની મિલકતમાં રહેવા ગયેલા. જે મિલકત મારા નામે વર્ષ–૧૯૯૬ માં લીધેલ હતી. આ મિલકત અડાજણ ગામ માં લીધેલી હતી. એ વાત ખરી છે કે ૧૯૯૯ માં ભાડાવાળી મીલકત નો કબજો અમારો હતો. જયાં મારા માતા પિતા રહેતા આવેલા. મારા પિતા હાલ હયાત નથી. તેઓ આશરે ૨૦૧૦ માં અવસાન પામેલા હતા.

- મારા માતૃશ્રી ૧૯૯૯ સુધી હયાત હતા તે દરમ્યાન મારા મામા તરફ થી મારા માતા ને કંઈ આપવા મા આવેલ નહી. મારા માસીને કંઈ આપવામાં આવેલ હોય તો તે વિશે મને ખ્યાલ નથી.

- કડોદરા, અમૃતનગર ખાતે પ્લોટ નં. ૧૨૫ કોની માલીકી નો છે તેની મને ખબર નથી હંસાબેન અમૃતલાલ મોદી મારા માતા થાય છે.

- એ વાત ખરી છે કે હાલનો દાવો મેં પોતે મારા નામે દાખલ કરેલ છે. અને તેનો જવાબ મારા મામાએ રજુ રાખેલ છે. તે મેં વાંચેલ છે. અને તેની સાથે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ હોય તો તે મેં જોયેલા નથી. આ જવાબ મને મારા વકીલશ્રી એ પોતાની ઓફીસે બોલાવી વંચાવેલો.

- મને આંક–૧૪ વાળો પ્રા.વા. નં. ૧ થી ૪ એ રજુ કરેલ જવાબ ના પારા–૧૧ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં મણીબેન કુબેરદાસ ના રજીસ્ટર્ડ વિલ બાબતે ઉલ્લેખ કરેલ છે. મેં પ્રા.વા. નં.૧ થી ૪ ના એ નિ.૧૫/૧૭ થી રજુ કરેલ વિલ ની નકલ જોયેલ છે.

- એ વાત ખરી છે કે દાવાવાળી મિલકતો વડીલોપાર્જીત હોવા અંગે હાલના કામે રજુ રાખેલ પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા મારી પાસે નથી.

- મને આંક–૫૪ વાળા બ્લોક નં.૧૧૬, ૪૪, ૧૪૧ વાળી મિલકત ની નોંધ

નં.૪૬૬, તા.૦૭/૦૭/૧૯૭૩ વાળી બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં જણાવેલ છે કે આ મીલકત કુબેરભાઈ રઘાભાઈ ના નામે ચાલતી હતી અને તેમના અવસાન બાદ તેમની વિધવા મણીબેન કુબેરભાઈ ના નામે નોંધ કરવામાં આવેલ, તે છે. એ વાત ખરી છે કે આ નોંધ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

- મને આંક–૫૫ વાળા બ્લોક નં. ૧૧૭ વાળી મિલકત ની નોંધ નં ૫૦૩, તા.૨૬/૧૧/૧૯૭૪ વાળી બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં જણાવેલ છે કે આ મીલકત સુરેશભાઈ હંસરાજભાઈ પાસેથી દિનેશભાઈ કુબેરભાઈએ વેચાણ દસ્તાવેજ થી વેચાણ રાખ્યા અંગે ની નોંધ કરવામાં આવેલ. તે છે. એ વાત ખરી છે કે આ વેચાણ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ નથી.

- મને આંક–૫૬ વાળા બ્લોક નં. ૧૧૭ વાળી મિલકત ની નોંધ નં. ૫૦૪, તા.૨૬/૧૧/૧૯૭૪ વાળી બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં જણાવેલ છે કે આ મીલકત સુરેશભાઈ હંસરાજભાઈ પાસેથી ચંપકભાઈ કુબેરભાઈ એ પ્લોટ વેચાણ દસ્તાવેજ થી વેચાણ રાખ્યા અંગે ની નોંધ કરવામાં આવેલ, તેમજ નોંધ નં.૫૦૫, તા.૨૬/૧૧/૧૯૭૪ વાળી બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં જણાવેલ છે કે આ મીલકત સુરેશભાઈ હંસરાજભાઈ પાસેથી મણીબેન કુબેરભાઈ મોદી એ પ્લોટ વેચાણ દસ્તાવેજ થી વેચાણ રાખ્યા અંગે ની નોંધ કરવામાં આવેલ, તે છે. એ વાત ખરી છે કે આ વેચાણ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ નથી.

- મને આંક–૫૫ વાળા બ્લોક નં. ૧૧૭ વાળી મિલકત ની નોંધ નં.૫૦૧, તા.૨૬/૧૧/૧૯૭૪ વાળી બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં જણાવેલ છે કે આ મીલકત સુરેશભાઈ હંસરાજભાઈ પાસેથી હાકોરભાઈ કુબેરભાઈએ વેચાણ દરતાવેજ થી વૈચાણ રાખ્યા અંગે ની નોંધ કરવામાં આવેલ.  એ વાત ખરી છે કે આ વેચાણ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ નથી.

તે મારે આંક–૫૫ વાળા બ્લોક નં ૧૧૭ વાળી મિલકત ની નોંધ નં. ૫૦૨, તા.૨૬/૧૧/૧૯૭૪ વાળી તાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં જણાવેલ છે કે આ મીલક્ત સુરેશભાઈ હંસરાજભાઈ પાસેથી જયંતિભાઈ કુબેરાભાઈએ વેચાણ દસ્તાવેજ ઘી વેચાણ રાખ્યા અંગે ની નોંધ કરવામાં આવેલ, તે છે. એ વાત ખરી છે કે આ વેચાણ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ નથી.

મને આંક–૫૭ બતાવવામાં આવે છે. જે બ્લોક નં.૧૬૬ તથા ૧૪૪ ની નોંધ નં.૫૭૦ વાળી સંયુકતપણા માં નામ દાખલ કરવા અંગે ની છે. જેના આધારે મણીબેન એ પોતાના ચાર દિકરાઓના નામ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે આ નોંધ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ

મને આંક–૫૮ વાળી વારસાઈ અંગેની નોંધ નં ૨૫૭, તા.૨૭/૧૦/૧૯૬૪ વાળી બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે આ નોંધ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ નથી.

મને આંક–૫૯ થી ૬૫ વાળી રેવન્યુ નોંધ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે આ નોંધ નં.૭૧૭વહેંચણ કરાર ના આધારે સહભાગીદારી માં બ્લોક નં ૪૪ તથા ૧૧૬ બાબતે નામ દાખલ કરવામાં આવેલ તે ફેરફાર નોંધ છે. નોંધ નં.૯૧૪ વાળી બ્લોક નં.૪૪ વાળી મીલકત માં સહભાગીદારી માંથી નામ કમી કરવા બાબત ની ફેરફાર નોંધ છે. નોંધ નં. ૮૫૯ વાળી બ્લોક નં. ૧૫૬ વાળી મીલકત ખેતી સિવાય ની જમીન ના રજી.વેચાણ દસ્તાવેજ ની નોંધ છે. નોંધ નં.૮૨૩ વાળી બ્લોક નં. ૧૫૬ વાળી મીલકત ની શરતફેર અંગે ની નોંધ છે. નોંધ નં. ૧૨૬૪ વાળી બ્લોક નં.૮૯ વાળી મીલકત ની શરતફેર ની નોંધ છે. નોંધ નં.૪૮૯ વાળી બ્લોક નં.૮૯ ની ગણોતિયા ની જમીન ના કલમ–૩૨(એમ) ના પ્રમાણપત્ર મેળવ્યા ની નોંધ છે. તેમજ નોંધ નં.૨૨૦૨ બ્લોક નં. ૧૭૩ પૈકી વાળી મીલકત ની સામાયીકપણા માં નામ દાખલ કરવા અંગેની નોંધ છે. જે જોઈને કહુ છુ કે આ નોંધ બાબતે મેં તેમજ મારા માતાએ કોઈ તકરાર કરેલ નથી.

- એ વાત ખરી છે કે હાલના કામે આંક–૬૬ અમોએ બ્લોક નં. ૧૧૬, ૪૪ તથા ૧૧૪ ના તુમાર ની નકલ રજુ રાખેલ છે. જેમાં કલમ–૧૩૫(ડી) ની

નોટીસ પણ છે. જેના પાછળના ભાગે મણીબેન કુબેરભાઈ, ઠાકોરભાઈ કુબેરભાઈ, જેન્તીલાલ કુબેરભાઈ, હંસાબેન કુબેરભાઈ, વસંતાબેન કુબેરભાઈ, ચંપકલાલ કુબેરભાઈ તથા દિનેશચંદ કુબેરભાઈ મોદી ના ઓએ સહી કરેલ હોવાનું જણાય આવે છે. આ તમામ સહી હું ઓળખું છુ. એ વાત ખરી છે કે આંક–૬૭ થી રજુ આ તુમાર ના પાના નં.૩ પર કુબેરભાઈ રઘાભાઈ નું પેઢીનામું રજુ રાખેલ છે, જેમાં પંચોએ પણ સહી કરેલ છે. જે ખરૂ છે. એ વાત ખરી છે કે આંક–૬૮ થી આ તુમાર ના પાના નં ૫ પર મણીબેન કુબેરભાઈ ની સહી છે. જે હું ઓળખુ છું. એ વાત ખરી છે કે આ નોંધ બાબતે કોઈ તકરાર ઉપસ્થિત થયેલ નથી.

- એ વાત ખરી છે કે આંક–૬૯ થી રજુ ફેરફાર નોંધ નં. ૧૧૪૭ વાળી મણીબેન કુબેરભાઈ ની બ્લોક નં.૧૧૪ ની વારસાઈ અંગેની નોંધ છે. જેમાં મારા માતૃશ્રી ના નામ નો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે હંસાબેન ની વારસાઈ બાબતે ગામ દફતરે બ્લોક નં.૧૧૪ ના ફેરફાર નોંધ નં.૧૮૧૮, તા.૦૫/૦૪/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ તે બાબતે હકપ તકરારી કેસ નં. ૦૯/૨૦૧૪ નો થયેલ.

- તેનો હુકમ આ કામે આંક–૮૫ થી રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે વાંકાનેડા ના બ્લોક નં. ૧૧૪ સિવાય ની અન્ય કોઈ મીલકત માં અમારા વારા કોઈ રેવન્યુ પ્રકરણ કરવામાં આવેલ નથી.

- એ વાત ખરી છે કે આંક–૮૩ વાળી નોટીસ નો જવાબ મેં વાચેલ છે અને તેમાં મણીબેન કુબેરભાઈએ કરેલ વિલ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે મણીબેન ભીખાભાઈ મોદી મારા નાની થતા હતા. તેઓ ની હયાતી દરમ્યાન મૈં તેઓને વર્ષ–૧૯૮૮ માં મારા મામા જેન્તીભાઈ સાથે જોયેલા હતા. મારા નાની તેઓની સાથે જ રહેતા આવેલા. હું તેઓને મળવા કાયમ જતો હતો. મારા માવલી પણ જતા હતા. મારા નાની તથા મારા માતૃશ્રી વચ્ચે કોઈ વાતચીત થતી હોય તો તેનો મને હાલ કોઈ ખ્યાલ નથી. મારા નાની મને જે તે વખતે ઓળખતા હતા અને વાતચીત પણ કરતા હતા.

માટે મારા નાની સાથે કોઈ જગ્યાએ કરવા જવાનું બનેલ નથી તેઓ પોતાના ઘર માં અવસાન પામ્યા ના બે વર્ષ પહેલા થી પથારી વશ હતા.

- એ વાત ખરી છે કે મારા નાની ના અવસાન બાદ પણ મારે મારા મામા ના ઘરે આવવા જવાનું બનતુ હતું. એ વાત ખરી છે કે મણીબેન એ પોતાના વિલ માં પોતાની બંને દિકરીઓને રૂા.૪૦,૦૦૦/–રોકડા આપવાનો ઉલ્લેખ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ રકમ પણ મળેલ નથી. મને નિ.૧૫/૧૭ વાળા વિલ ની નકલ બતાવવામાં આવે છે. જેના પાના નં.૫ પર આ રકમ રૂા. ૩૦,૦૦૦/– તથા દરેક ને બે સોના ની બેંગડી આપવા નું જણાવેલ છે. એ વાત ખરી છે કે આ વિલ અનુસાર મારા માતૃશ્રી ને કોઈ રોકડ રકમ કે સોના ની બંગડી મળેલ નથી. એ વાત ખરી છે કે મારા માતૃશ્રી એ આ અંગે કોઈ માંગણી કરેલ નથી. એ વાત ખરી નથી કે આ રોકડ રકમ ના બદલામાં મારામાતૃશ્રી ને કોઈ પ્લોટ આપેલ છે.
- એ વાત ખરી નથી કે હંસાબેન એટલે કે મારા માતૃશ્રી કડોદરા માં કોઈ પ્લોટ લીધેલ છે.

- એ વાત ની મને જાણ નથી કે મારા માતૃશ્રી એ કડોદરા, અમૃતનગર ખાતે પ્લોટ નં. ૧૨૫ તથા ૧૫૦ રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે.

- એ વાત ખરી છે કે વર્ષાબેન નવનીતભાઈ મારા માસી થાય છે. એ વાત ની મને ખબર નથી કે તેઓએ પણ કડોદરા, અમૃતનગર ખાતે પ્લોટ નં.૯૩ તથા ૧૨૨ રજી.વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે.

- એ વાત ની મને જાણ નથી કે આ પ્લોટ ની ખરીદ કિંમત મારા માતૃશ્રી એ તથા મારા માસી એ ચુકવેલ નહી અને મારા મામાએ ચુકવેલ કે કેમ?

- ***એ વાત ખરી છે કે મારા નાની મણીબેન ભણેલા હતા સહી કરતા હતા. એ વાત ખરી છે કે તેઓ પથારીવશ હતા તે સમય દરમ્યાન પણ તેઓ સહી કરતા હતા. એ વાત ખરી છે કે મારા નાની આ બે વર્ષ દરમ્યાન સહી કરતા***

***હોવાના અન્ય કોઈ પુરાવા મારી પાસે નથી. એ વાત ખરી નથી કે મારા નાની બીમાર હોવાથી દરેક કાગળો માં અંગુઠા નું નિશાન કરતા હતા.***

- હું મહેન્દભાઈ ઈશ્વરભાઈ દેસાઈ ને ઓળખતો નથી. હું શાંતિલાલ પ્રભુભાઈ મોદી ને ઓળખુ છુ. જે મારા મામા ની બાજુમાં રહેતા હતા અને તેઓને પણ અમે મામા જ કહેતા હતા. હું ઈશ્વરભાઈ છગનભાઈ પંચાલ ને ઓળખતો નથી. એ વાત ખરી છે કે આ ત્રણેય વ્યક્તિઓએ વિલ મા સહી કરેલ છે. મને નિ.૧૫/૧૭ બતાવવામાં આવે છે, જે વિલ છે, તેમાં ઉપરોકત ત્રણેય વ્યક્તિઓની સહી કરેલ હોવાનું જણાય છે, પરંતુ હું કોઈની સહી ઓળખતો નથી. મણીબેન કુબેરભાઈ ની અંગત માલીકી ની મીલકત વિશે હું કંઈ કહી શકુ નહી.

- એ વાત ખરી છે હંસાબેન ની વારસાઈ બ્લોક નં. ૧૧૪ માં કરવામાં આવેલ છે. અન્ય કોઈ મીલકત માં થયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હકીકત છુપાવવામાં આવેલ.

- ***એ વાત ખરી છે કે મારી સરતપાસ માં મણીબેન કુબેરભાઈ નું વિલ બોગસ હોવાની હકીકત જણાવેલ છે. જે બોગસ હોવા અંગે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મણીબેન સહી કરતા હતા અને વિલ માં અંગુઠો કરેલ છે. એ વાત ખરી છે કે આ અંગુઠો મણીબેન કુબેરભાઈએ કરેલ નહી હોવા અંગે કોઈ નિષ્ણાંત નો અભિપ્રાય લીધેલ નથી.***

- એ વાત ખરી નથી કે બ્લોક નં. ૧૧૪ સિવાય ની જમીન મારા મામા ની સ્વપાર્જીત છે. એ વાત ખરી નથી કે આ બ્લોક નં. ૧૧૪ સિવાય ની જમીન મારા મામાઓ એ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે.

- એ વાત ખરી છે કે મારા માતૃશ્રી ને આ મીલકતો માં કોઈ હકક જોઈતો ન હોય કોઈ કાર્યવાહી કરેલ નહી. એ વાત ખરી નથી કે ખોટી રીતે હકક મેળવવા ખોટો દાવો કરેલ હોય, આજરોજ ખોટી જુબાની આપે છે.

(૦૯) આ કામે પ્રતિવાદી ચંપકભાઇ કુબેરભાઇ મોદીનાઓએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે ત્યારબાદ આ કામે આંક–૧૦૪ થી ચંપકભાઇ કુબેરદાસ મોદીની ઉલટતપાસ વિ.વ.શ્રી એ.આઇ.ગાંધી નાઓ ધ્વારા લેવામાં આવેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, કુબેરભાઈ રઘાભાઈ મારા પિતા થતાં હતા, જેઓ સને –૧૯૭૩ માં ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે મારા પિતા કુબેરભાઈ તેમની હયાતીમાં કોઈ વસીયતનામું કરેલ ન હતુ. એ વાત ખરી નથી કે કુબેસમાઈ રઘાભાઈને જે કોઈ મિલ્કતો મળેલી તે વડીલોપાર્જીત મિલ્કતની કૌટુંબીક વહેચણથી મળેલી હતી. એ વાત ખરી છે કે કુબેરભાઈ રઘાભાઈએ તેમની હયાતીમાં મિલ્કતો વેચાણ રાખેલ હોય તે અંગેના કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા પિતા કુબેરભાઇનુ અવસાન થતાં વારસાઇ થી મારી માતા મણીબેનનું રેવન્યુ દફતરે દાખલ કરેલું એ વાતની મને ખબર નથી કે રેવન્યુ રેકર્ડમાં મણીબેનનું નામ દાખલ કરતી વખતે બધાની સહમતી લીધેલ હતી કે કેમ. એ વાતની મને ખબર નથી કે મણીબેનના લાભમાં કુબેરભાઇના અન્ય વારસદારોએ તેમનો હિસ્સો છોડી દીધેલ હોય તે અંગેના કોઈ પુરાવા મારી પાસે છે કે કેમ. એ વાત ખરી છે કે કુબેરભાઈના અન્ય વારસદારોએ તેમનો હિસ્સો છોડી દીધેલ હોય તે અંગેના કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હંસાબેન અમરતલાલ મોદી મારા બેન થાય છે. એ વાત ખરી છે કે વાદી રાકેશ મોદી તથા પ્રતિવાદી નં. ૧૩ બીપીનચંદ્ર મોદી, ૧૪ અનસુયાબેન મોદી, ૧૫ રીટાબેન મોદી હંસાબેનના વારસદારો છે. મણીબેન સને– ૧૯૮૮ માં અવસાન પામેલા. એ વાત ખરી છે કે મણીબેનના અવસાન બાદ રેવન્યુ દફતરે વારસાઈ થયેલી મને આંક – ૪૫ થી રજુ બ્લોક નં. ૧૧૪ વાળી મિલ્કતની ૭/૧૨ ની નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમા દર્શાવેલ કબ્જેદારોના નામ વારસાઈથી દાખલ કરવામાં આવેલ છે. એ વાતની મને ખબર નથી કે ઉપરોક્ત વારસાઈ સને – ૧૯૯૫ ની સાલમાં થયેલ હતી કે કેમ મને આંક – ૬૯ થી રજુ ગામ નમુના નં ૬ નું પત્રક બતાવવામાં આવે છે જે જોઈને કહુ છ કે નોંધ નં. ૧૧૪૭ થી હંસાબેન અમરતભાઈ મોદીનું નામ વારસદાર તરીકે દાખલ કરવામાં આવેલું એ વાત ખરી છે કે ઉપરોકત નોંધ અંગે મેં આજદિન સુધી કોઈ અપીલ કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે સદર નોંધ નં. ૧૧૪૭ દાખલ થતી વખતે મણીબેને કરેલ વીલ રજુ કરેલ હતુ કે કેમ એ વાત ખરી છે કે હંસાબેન અમરતભાઈ મોદીનાઓએ અમો ભાઈઓના લાભમાં

પોતાનો હક હિસ્સો છોડી દીવેલ હોય તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મણીબેનના વીલના આધારે અમો રેવન્યુ દફતરે અમારા નામો કોઈપણ મિલ્કતમાં દાખલ કરેલ નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત વીલના આધારે અમારા નામો મિલ્કતમાં દાખલ થયેલા હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મિલકત નં. ૮૯ માં વીલના આધારે નામ દાખલ થયેલા છે.

***કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા ત્યારે તેમના વારસોમા વિધવા મણીબેન તથા ચાર પુત્ર અને બે પુત્રીઓ હતા. એ વાત ખરી છે કે વાદી તથા પ્રતિ.નં. ૧૩ થી ૧૫ કુબેરભાઈ રઘાભાઈની પુત્રી હંસાબેનના વારસો છે.*** એ વાત ખરી છે કે કુબેરભાઈ રઘાભાઈ સને ૧૯૭૪મા ગુજરી ગયેલા. એ વાત ખરી નથી કે કુબેરભાઈ ગુજરી ગયા તે પહેલા કુબેરભાઈ તથા તેમના ભાઈ પ્રભુભાઈ રઘાભાઈ વચ્ચે વહેચણ થયેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મૌખિક વહેંચણ થયેલી. એ વાત ખરી નથી કે કુબેરભાઈ રઘાભાઈ તથા પ્રભુભાઈ રઘાભાઈએ જે મૌખિક વહેંચણનું હું જણાવુ છુ કે તે બાપ તરફથી ઉતરી આવેલ નહી. એ વાતની મને ખબર નથી કે કુબેરભાઈ રઘાભાઈએ દાવાવાળી મિલકતો પોતે ખરીદ કરેલ હોય તેવો કોઈ પણ પુરાવો આ કામે અમે રજુ કરેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા પછી ગામ દફતરે સને ૧૯૭૪ મા વારસાઈની નોંધ કરાવેલી. એ વાત હું જાણતી નથી કે કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા પછી તેઓની જમીન મિલકતોમા એકલા મણીબેનનું નામ રેવન્યુ દફ્તરે દાખલ થયેલુ કે કેમ. એ વાત ખરી છે કે આંક ૫૪ થી રજુ થયેલ હક્કપત્રક નમુના નં.૬ ની નોંધ નં. ૪૬૬ તા. ૦૭/૦૭/૧૯૭૩ ની નોંધ કુબેરભાઈ રઘાભાઈ ગુજરી જવાથી તેમના વિધવા મણીબેન કુબેરભાઈનુ નામ દાખલ કરવા માટે વારસાઈની પડેલી. એ વાત ખરી છે કે તે વારસાઈની નોંધ કુલ્લે ચાર જમીનની પાડવામાં આવેલી, એ વાત ખરી છે કે વાદીએ હાલનો દાવો કુબેરભાઈ રઘાભાઈ ગુજરી જવાથી તેમની જમીનોમા સીધીલીટીના વારસોનો હક લાગેછે તેમ જણાવી હાલનો દાવો કરેલ છે. એ વાત ખરી છે કે કુબેરભાઈ રઘાભાઇ તા. ૧૪/૦૬/૧૯૭૩ ના રોજ અવસાન પામેલા. એ વાત ખરી નથી કે કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા ત્યારે અમો બધા ભાઈઓ ભણતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે ભાઈઓ ભણતા હતા અને બે ભાઈઓ તેમની સાથે ધંધામા હતા. એ વાત ખરી છે કે કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા ત્યાં સુધી જમીન મિલકત લે વેચનો

તમામ વહીવટ કુબેરભાઈ રઘાભાઈ કરતા હતા. એ વાત ખરી નથી કે ધંધો કુબેરભાઈ રવાભાઈ એક લા જ કરતા હતા અને ભાઈઓ તેને મદદ કરતા હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બધા જ ભેગા મળીને ધંધો કરતા હતા. કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા ત્યારે ભાઈ બહેનોમાંથી બે ભાઈઓના લગ્ન કરવાના બાકી હતા. એ વાત ખરી નથી કે કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા ત્યારે કોઈ પણ ભાઈની સ્વતંત્ર આવક ન હતી. એ વાતની મને ખબર નથી કે અમારા ચાર ભાઈઓની સને ૧૯૭૩ માં સ્વતંત્ર આવક હતી તેવુ દર્શાવતો કોઈ પુરાવો આ કામે અમે રજુ કરેલ છે કે કેમ, એ વાત ખરી છે કે મારા દાવાઅરજીના જવાબમાં તથા સરતપાસના સોગંદનામામાં સને ૧૯૭૩માં અમારી સ્વતંત્ર આવક હતી તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે કુબેરભાઈ રઘાભાઈ ને કોઈ પણ જમીન મિલકત ખરીદ કરવા માટે અમે ભાઈઓએ કોઈ નાણા ચુકવ્યા હોય તેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે સને ૧૯૭૪ મા અમારા ભાઈઓની કોઈ સ્વતંત્ર આવક ન હતી અમારા પિતાજી મુકી ગયેલા તેમાંથી જ જમીન મિલકત ખરીદવાનો તમામ વહીવટ થતો હતો, જે બે ભાઈઓ ભણતા હતા તે સને ૧૯૭૪ સુધી ભણતા હતા. એ વાત ખરી છે કે સને ૧૯૭૪ બાદ તે બે ભાઈઓ ધંધામા જોડાયેલા. એ વાત ખરી નથી કે કુબેરભાઈ રઘાભાઈ જીવીત હતા ત્યાં સુધી ફક્ત તેઓજ આવક વેરો ભરતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઠાકોરભાઈ કુબેરભાઈ તથા જયંતીભાઈ કુબેરભાઈ પણ આવકવેરો ભરતા હતા. ઠાકોરભાઈ કુબેરભાઈ ટ્રાન્સપોર્ટનો ધંધો તથા જયંતીભાઈ કુબેરભાઈ દુકાન, ફેર શોપ તથા હોટલ ચલાવતા હતા. એ વાત ખરી છે કે ઠાકોરભાઈ કુબેરભાઈ તથા જયંતીભાઈ કુબેરભાઈ ધંધો કરતા હતા તે બતાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ઠાકોરભાઈ કુબેરભાઈ તથા જયંતીભાઈ કુબેરભાઈનુ સને ૧૯૭૩-૭૪ નું આવક વેરા ભર્યાના પુરાવા આ કામે રજુ કરેલ નથી.

તેમને આંક ૬૬ બતાવવામાં આવે છે તે બોમ્બે લેન્ડ રેવન્યુ કલમ ૧૩૫-ડી મુજબની નોટીસ નોંધ નં. ૪૬૬ થી મણીબેન કુબેરભાઈનુ નામ વારસાઈથી દાખલ થયેલ તે છે એ વાત ખરી છે કે સને ૧૯૭૩મા વાદીના માતા હંસાબેન અમ્રતલાલના લગ્ન થઈ ગયેલા અને તેઓ સુરત ખાતે રહેતા હતા. એ વાત ખરી છે કે વાંકાનેડા મુકામે આવીને તલાટી રૂબરૂ હાજર રહીને હંસાબેને જવાબ આપેલો તેવુ બનેલુ નહીં. સાહેદ હવે જણાવે છે કે મને ખબર નથી. આંક-૬૬ની સાથે રજુ થયેલ પેઢીનામુ

કુબેરભાઈ રઘાભાઈ નુ છે તે સાચુ છે. એ વાત ખરી છે કે આંક ૬૬ ની પાછળ મણીબેન કુબેરભાઈ, ઠાકોરભાઈ કુબેર ભાઈ તથા જયંતીભાઈ કુબેરભાઈ તથા ચંપકભાઈ કુબેરભાઈ તથા દિનેશભાઈ કુબેરભાઈની સહી છે. એ વાત ખરી છે કે આંક ૬૬ ની સાથે રજુ થયેલ એન્ટ્રીન ૪૬૬ લગત તલાટી રૂબરૂ આપેલ જવાબમાં મણીબેનની સહી છે. એ વાત ખરી છે કે મણીબેનને તલાટી રૂબરૂ આપેલા જવાબમાં કુબેરભાઈ રઘાભાઈ ના અન્ય વારસોએ પાડાવામાં આવેલ નોંધ નં. ૪૬૬મા દર્શાવેલી જમીનોમાંથી હક્ક છોડી દીધેલ હોય કે જતો કરી દીધેલ હોય તેવો ઉલ્લેખ કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે આ એન્ટ્રી પડયા બાદ ક્યારેય પણ હંસાબેન અમ્રતલાલે દાવાવાળી જમીનોમાંથી પોતાનો હક્ક છોડી દીધા અંગેનુ કોઈ લખાણ કરી આપેલ હોય કે કેમ. એ વાત ખરી છે કે દાવાના કામે હંસાબેન અમ્રતભાઈએ અમો ભાઈઓના લાભમાં હડક્ક છોડી દીધેલ હોય તેવુ લખાણ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અમે ચાર ભાઈઓએ નોંધ નં. ૪૬૬ પાડવામાં આવેલ ત્યારે હક્ક છોડી દીધેલ હોય તે બતાવતુ પણ કોઈ લખાણ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મણીબેન કુબેરભાઈને જે કઈ પણ મિલકતો પ્રાપ્ત થયેલી તે કુબેરભાઈ રઘાભાઈ ના વારસદાર તરીકે જ પ્રાપ્ત થયેલી તેઓએ સ્વતંત્ર ખરીદેલ હોય તેવુ બનેલ નહી. મણીબેન ભણેલા ન હતા. વાંચતા લખતા આવડતુ હતું. દબાણ કરે તો જ સહી કરતા. મણીબેન સને ૧૯૮૮ મા અવસાન પામેલા ત્યારે તેમની ઉંમર કેટલી હતી તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે મણીબેન ગુજરી ગયા તેના લાંબા સમયથી બિમાર ચાલતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગુજરી ગયા તેના ચાર પાંચ મહીનાથી બિમાર હતા. એ વાતનો મને અનુભવ નથી કે વૃધ્ધાવસ્થાના કારણે મણીબેનની યાદશક્તિ ઓછી થઈ ગયેલા કે કેમ, એ વાત ખરી નથી કે મણીબેન ગુજરી ગયા તેના ત્રણ વર્ષ પહેલાથી તેઓ કોઈને ઓળખી પારખી શકતા ન હતા. એ વાત ખરી નથી કે મણીબેનની તમામ દૈનિક ક્રિયાઓ પથારીમા થતી હતી. મણીબેનને કોઈ બિમારી ન હતી. એ વાત ખરી નથી કે મણીબેન ગુજરી ગયા તેના ચાર વર્ષ પહેલાથી વખતો વખત તેમને હોસ્પિટલમા દાખલ કરવા પડતા હતા.

અમારૂ જે સિનેમા ચાલે છે તે કડોદરા ના બ્લોક / સર્વે નં. ૧૭૩ની જમીનમાં ચાલે છે. જે ગોડાઉન હાલ ચાલે છે તે સિનેમા બંધ કરી ગોડાઉન તરીકે વપરાશ થાય છે. આ ગોડાઉન જેવી ખુલ્લી જગ્યા ટ્રાન્સપોર્ટ વાળાને ભાડે આપેલ છે. એ વાત ખરી નથી કે તે ગોડાઉનનું મહીને ૩-૪ લાખ ભાડુ આવે છે. સાહેદ સ્વેચ્છાએ

જણાવે છે કે દરેક ભાઈના ભાગે રૂ.૨૦ હજાર આવે છે જેમાંથી ટી.ડી.એસ. બાદ થાય છે. એ વાત ખરી છે કે બ્લોક નં. ૧૭૩ વાળી જમીન સને ૧૯૭૩-૭૪ મા ખરીદ કરેલી હવે જણાવુ છું કે સને ૧૯૭૫ મા ખરીદ કરેલી. એ વાત ખરી નથી કે બ્લોક નં. ૧૭૩ ના દસ્તાવજો કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયાના ૬ મહીના બાદ કરેલા. એ વાત ખરી નથી કે બ્લોક નં. ૧૭૩ વાળી જમીન પણ કુબેરભાઈ રઘાભાઈ એ જ ખરીદેલી અને દસ્તાવેજના અવેજના નાણા પણ કુબેરભાઈ રઘાભાઈ એ જ આપેલા. એ વાત ખરી છે કે બ્લોક નં. ૧૭૩ની જમીનના અમો ભાઈઓના લાભમા થયેલા દસ્તાવેજમાં જણાવેલ અવેજના નાણા અમો ભાઈઓએ ચુકવેલ હોય તે અંગે બેંક સ્ટેટમેન્ટ કે આવક વેરાના પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે બ્લોક નં.-૧૭૩ ના બે પ્લોટ મણીબેનના નામે લીધેલા કે કેમ. મણીબેન શાકભાજીનો ધંધો કરતા હતા અને તેનો બચત અને સ્વ કમાણી હતી. એ વાતની મને ખબર નથી કે મણીબેનની બચત તથા સ્વ કમાણીની રકમ બાબતે મારા જવાબમાં કે સરતપાસના સોગંદનામામાં ઉલ્લેખ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે મણીબેનના બચત તથા સ્વ કમાણી અંગેના કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. હોટલ "આવો જી" વાંકાનેડાના સર્વે/ બ્લોક નં ૧૧૪ અથવા ૧૧૬ મા હશે મને ચોક્કસ ખબર નથી, એ વાત ખરી નથી કે મારી જુબાનીમાં તે "આવો જી' હોટલ બ્લોક નં. ૧૧૪ મા હોવાનો ઉલ્લેખ કરેલ છે. તે હોટલ જયંતીભાઈ કુબેરભાઈ પહેલા જાતે ચલાવતા હતા અને હાલમા બે વર્ષથી તે ભાડે આપેલ છે. તેનુ માસિક ભાડુ કેટલુ છે તેની મને ખબર નથી. સી.એન જી. પંપ વાળી જમીન કડોદરાના બ્લોક નં. ૧૫૬ની જમીનમા છે. એ પાત ખરી નથી કે કડોદરાની બ્લોક નં. ૧૫૪ વાળી જમીન કુબેરભાઈ રઘાભાઈ થી ઉતરી આવેલ. તે જમીન ચોક્કસ ક્યા વર્ષમા ખરીદેલી તે મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે કડોદરા ના બ્લોક નં ૧૫૬ થી જમીન ખરીદવા માટેનો અવેજ કુબેરભાઈ રઘાભાઈ થી ચાલી આવેલી મિલકતોની આવકમાંથી ચુકવેલ.

એ વાત ખરી છે કે કડોદરાના બ્લોક નં. ૧૫૭ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી કેટલાક પ્લોટો હસાબેન અમ્રતલાલના નામે પણ ખરીદવામાં આવેલા. એ વાત ખરી છે કે આંક ૧૧૦ થી રજુ થયેલા દસ્તાવેજથી હંસાબેન અમ્રતલાલે કડોદરાના બ્લોકનં. ૧૫૭ વાળી જમીનના પ્લોટ નં. ૧૧૪ થી ૧૨૨ તથા ૧૨૪ થ ૧૨૬ ખરીદેલા. એ વાત ખરી છે કે કડોદરાના બ્લોકન. ૧૫૭ થી

નોંધાયેલા હંસાબેનના પ્લોટોનો વહીવટ વ્યવસ્થા કરવા માટે અમો ભાઈઓ પૈકી કોઈપણ ને કુલમુખ્યારનામુ આપેલ નહી. એ વાત ખરી છે કે આંક ૧૧૧ થી રજુ થયેલ મોજે કડોદરાના બ્લોક નં. ૧૫૭ની જમીનના પ્લોટો પૈકી પ્લોટનં. ૧૪૧ થી ૧૫૧ પૈકીના પ્લોટો હસાબેન અમ્રતલાલે ખરીદ કરેલા તે દસ્તાવેજ છે. એ વાત ખરી છે કે તે પ્લોટો બાબતે પણ હંસાબેને પ્લોટોનો વહીવટ વ્યવસ્થા કરવા માટે અમો ભાઈઓ પૈકી કોઈપણ ને કુલમુખ્તારનામું આપેલ નહી.આંક ૧૧૩ થી રજુ થયેલ દસ્તાવેજ વાંકાનેડાના બ્લોક નં. ૧૧૭ ના મિલકતના દસ્તાવેજ અંગેના છે. એ વાતખરી છે કે વાંકાનેડાના બ્લોક નં. ૧૧૭ વાળી જમીનના દસ્તાવેજો અમો ચાર ભાઈઓ તથા માતાજીના નામે સને ૧૯૭૪મા ખરીદ કરવામા આવેલા. એ વાતની મને ખબર નથી કે તેનો અવેજ સને ૧૯૭૩માં ચુકવવામા આવેલો કે કેમ. એ વાત ખરી નથી કે કુબેરભાઈ રઘાભાઈ જે ધંધો કરતા હતા તે ધંધાની આવકમાંથી વાંકાનેડાની બ્લોક નં. ૧૧૭ વાળી જમીનનો દસ્તાવેજની અવેજ ચુકવવામાં આવેલો. એ વાત ખરી નથી કે સને ૧૯૭૪મા અમો ચારેય ભાઈઓની કોઈ સ્વતંત્ર આવક ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સંયુક્ત કુટુંબ હોય તેથી બધાની આવક સંયુક્ત ગણાય. હસાબેન કુવારા હતા ત્યારે ભણતા હતા અને ઘરકામમાં મદદ કરતા હતા. એ વાતની મને ખબર નથી કે હંસાબેન કુવારા હતા ત્યારે દુકાને બેસીને પિતાને ધંધામા મદદ કરતા હતા કે કેમ. હંસાબેન મારા કરતા પાંચ – છ વર્ષે ઉપરાંત મોટા હતા. હું હાલ જે બંગલામાં રહુ છું તે વાંકાનેડાના બ્લોક / સર્વે નં. ૧૧૭ની જમીનમાં બનાવેલ છે. વાંકાનેડાના બ્લોક નં. ૧૧૬ મા ખોલીઓ બનાવીને ભાડે આપેલી છે. કુધે આઠ ખોલીઓ છે દરેક ભાઈઓ બે બે ખોલીઓનુ ભાડુ લે છે.
પ્રશ્ન– વાંકાનેડા બ્લોક નં. ૧૧૭ થી નોંધાયેલ કુરો ૫૭૬૭ ચો. મિ. જમીન પૈકી કેટલામાં મકાન બનાવેલું અને બાકીની જમીનનો શુ ઉપયોગ થાય છે?

જવાબ– બ્લોક નં. ૧૧૭ ની જમીનમા મારા એકલાનો બંગલો છે અને બાકીની જમીન ખુલ્લી છે.

કૈલાશ ભવન બ્લોક / સર્વે નં. ૧૧૬મા બનાવેલ છે. એ વાત ખરી નથી કે અમે ચારેય ભાઈઓએ બ્લોક નં. ૧૧૭મા ખોલીઓ બનાવીને ભાડે આપેલ છે. સાહદ સ્વેચ્છાએ જણાવે છે કે જયંતીભાઈએ બ્લોક નં. ૧૧૭ વાળી જમીનમાં ખોલી

બનાવીને ભાડે આપેલ છે. એ વાત ખરી નથી કે ઉપર જણાવેલ ભાડાની આવકમાં પણ હસાબેનનો હિસ્સો લાગતો હોય એ વાતની મને ખબર નથી કે હંસાબેને અમારા ભાઈઓના લાભમા કે માતાજીના લાભમા કોઈ રીલીઝ દસ્તાવેજ કરી આપેલો કે કેમ. એ વાત ખરી છે કે બા ના ગુજરી ગયા બાદ હંસાબેનને રોકડા રૂપિયા આપેલા હોય કે સોનાના દાગીના આપેલા હોય તેવું દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મણીબેન ગુજરી ગયા ત્યારે તેઓ કેટલા તોલાના સોના ચાદીના દાગીના મુકીને ગુજરી ગયેલા તેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મણીબેનના ગુજરી ગયા બાદ સોના હીરાના ૫૦–૫૦ તોલાની ભાઈઓએ અંદરો અંદર વહેચણી કરી લીધેલી એ વાત ખરી નથી કે મણીબેન ગુજરી ગયા બાદ અમો ભાઈઓએ બહેનોને કોઈ સોના ચાંદીના દાગીના આપેલા નહી. એ વાત ખરી છે કે બહેનોને પ્રસંગોપાત કોઈ દાગીના કે રોકડા આપેલ હોય તેવો કોઈ પુરાવો મારી પાસે નથી અને આ કામે રજુ પણ કરેલ નથી.

એ વાત ખરી નથી કે મણીબેન જીવતા હતા ત્યાં સુધી સહી કરતા હતા. અંગુઠાનું નિશાન કરતા ન હતા. એ વાતની મને ખબર નથી કે મણીબેન અંગુઠાનું નિશાન કરતા હતા તે બતાવતો અન્ય કોઈ પુરાવો આ કામે મે રજુ કરેલ છે કે કેમ. એ વાતની મને ખબર નથી કે મણીબેન બેંક ખાતાનો વ્યવહાર સહીથી કરતા હતા. કે કેમ, એ વાત ખરી નથી કે મણીબેને જાતે કોઈ વીલ કરેલ નથી તેવું વીલ અમો ચારેય ભાઈઓએ બનાવટી ઉભુ કરેલ છે. સને ૧૯૮૬મા મણીબેન અંગુઠાનું નિશાન કરીને કાર્યવાહી કરતા હતા તેવો પુરાવો મળ્યેથી હું રજુ કરીશ.

એ વાત ખરી નથી કે ખરભાશીના બ્લોક નં. ૮૯ વાળી જમીન મુળ કુબેરભાઈ રઘાભાઈ ગણોતે રાખેલી. એ વાત ખરી છે કે કુબેરભાઈ રઘાભાઈ ગુજરી ગયા બાદ ગણોતીયા તરીકે અમારી સંમતિથી મણીબેન એકલાનુ નામ રેવન્યુ દફતરે દાખલ કરેલું. એ વાત ખરી છે કે ખરભાષીના બ્લોક નં. ૮૯ ની જમીન બાબતે પણ હસાબેન કે વાસંતિબેને હક્ક છોડી દીધેલ હોય તેવું દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હંસાબેન તથા વાસંતિબેનનો પણ આ જમીનમા હકક લાગે છે. મને આંક ૬૫ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે કડોદરાના બ્લોકનું ૧૭૩ વાળી જમીનમાં નોંધ નં. ૨૦૨ થી તા. ૦૩/૧૦/૧૯૮૬ ના રોજ મણીબેનની હયાતીમાં અમારા ભાઈઓના નામો સહભાગીદાર તરીકે દાખલ થયેલા. એ વાત ખરી છે કે સને ૧૯૮૬મા કડોદરા બ્લોક ન. ૧૭૩ પૈકીની જમીનમાં

સહભાગીદાર તરીકે નામ દાખલ કરવા માટે મણીબેને સહી કરીને સંમતિ આપેલી, એ વાત ખરી નથી કે કડોદરાના બ્લોક નં. ૧૭૩ પૈકીની જમીનમા બધા ભેગા મળીને ખેતી કરતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે સિનેમા વાળી જમીન છે.

એ વાત ખરી નથી કે દાવાવાળી તમામ મિલકતોમાં હસાબેન અમ્રતલાલના તમામ વારસોનો કાયદેસરનો હક્ક હિસ્સો લાગે છે તે ન આપવો પડે તે માટે ખોટુ વિલ ઉભુ કરેલ છે અને ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે વાંકાનેડાની બ્લોકનું ૧૧૪ વાળી જમીનના રેવન્યુ દફતરે હંસાબેન અમ્રતલાલના વારસોના નામ દાખલ થયેલા જે વિરુધ્ધ અમોએ કલેક્ટર સુધી રીવીઝન કરેલી જે રદ થયેલી. એ વાત ખરી છે કે કલેક્ટરશ્રીએ કરેલ હુકમ વિરુધ્ધ અમોએ એસ.એસ.આર.ડી. મા કોઈ રીવીઝન કરેલ નહી.

(૧૦) આ કામે આંક–૧૬૩ થી પ્રતિવાદી તરફે સાહેદ –મહેન્દ્રભાઇ ઇશ્વરલાલ દેસાઇનાઓની સરતપાસ રજુ છે.ત્યારબાદ આંક–૧૬૩ હેઠળ મહેન્દ્રભાઇ ઇશ્વરલાલ દેસાઇનાઓની ઉલટતપાસ વાદીના વિ.વ.શ્રી એ.આઇ.ગાંધી ધ્વારા કરવામાં આવેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ પ્રતિવાદીને ત્યાં એકાઉટન્ટ તરીકે નોકરી કરતો હતો. મે સને–૧૯૬૬ થી ૧૯૮૪ સુધી પ્રતિવાદીને ત્યા મહેતા તરીકે નોકરી કરી હતી.મારે નોકરીના સમયગાળમાં રોજે રોજ પ્રતિવાદીને ત્યાં આવાનું થતું નહી. હું પ્રતિવાદીને ત્યાં આવતી ત્યારે તેઓની દુકાને આવતો મણીબેનને જયારે આવતો ત્યારે મળતો. એ વાત હુ જાણુ છુ કે વાદીના માતૃશ્રી હંસાબેન મણીબેનના દિકરી થતા હતા.એ વાત ખરી નથી કે, મણીબેનને વાર્યતા લખતા આવડતુ નથી એ વાત ખરી નથી કે મણીબેન સહી કરતા હતા. મને આક–૬૮ વાળી ૧૩૫–ડી ની નોટીશ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે મણીબેનની સહી નથી આક– ૬૪ વાયા દસ્તાવેજ ની પાછળ જંયતિદાસ કુબેરદાસ મોદી, ઠાકોરદાસ કુબેરદાસ મોદી અને દિનેશચંદ કુબેરદાસ મોદી ની સહી છે જે સતી તેઓની છે તે તેઓની છે જે ઓળખુ છુ. આ કામમાં ચંપકભાઈ ઠાકોરભાઈ એ જુબાની આપી છે જે મે જોઈ નથી. એ હુ કહીં શરૂ નહી કે મણીબેન વાંચી શકતા હતા અને સહી પણ કરી શકતા હતા હવે કનું છુ કે વાંકાચુકા અક્ષર છે જેમાં કરી પણ હાઈ શકે મને આંક–૬૮ બતાવવામાં આવે છે તે મણીબેને તલાટીને જવાબ આપેલી જેમાં મણીબેન કુબેરદાસની સહી છે કે કેમ તેનું કહી શકુ નહી. મારી હાજરીમાં મણીબેને એક જ વખત અંગુઠાનું નિશાન કરેલુ સાહેદ જણાવે છે કે વીલ બનાવેલું

ત્યારે કરેલું. એ વાત ખરી છે કે તે સિવાય મણીબેનને કયારે પણ સહી કરતા કે અંગુઠો કરતા જોયેલ નહી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મણીબેને વીલ સિવાય બીજે કરો અંગુઠાનું નીશાન કરેલું હોય તે જોવું નથી. એ વાત ખરી છે કે વ.શ્રી કીરીટભાઈ નાયકને વીલ તૈયાર કરવાની સુચના મારી હાજરીમાં આપેલ નથી. મારી હાજરીમાં મણીબેને વિલ વાંચેલુ નહી. હું વિલ થયાનુ જણાવું છુ ત્યારે ઠાકોરભાઈ, જંયતીભાઈ તેમની ભે દિકરીઓ તથા વકીલ તથા કોર્ટમાંથી જે વ્યતિ આવેલા હતા તે મણીબેનની સહી વખત હાજર હતા. એ વાત ખરી છે કે હું જે વિલ ઉપર સહીમતા જણાવું છુ તે મણીબેનના ઘરે થયેલા બહાર  કશે થયેલા નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તલાટી એ વાંચી સંભળાવેલુ એ વાત ખરી છે કે વિલ કરવા માટે સબરજીસ્ટ્રાર ની કચેરી ને ત્યાં જવાનું થયેલું નહી. જે વિલ થયાનું હું જણાવું છુ તે વિશે કપા સમયે, કયા તારીખે થયેલું એ ખબર નથી હવે કહુ છુ બપોરે ત્રણ-ચાર વાગ્યાના અરસામાં થયેલું વીલ કઈ સાલમાં થયેલું એ પણ હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે હું ગયો ત્યારે બધાની સહીઓ તૈયાર હતી ફક્ત મારી સહી બાકી હતી.એ વાત ખરી છે કે મણીબેની હાલી ચાલી ન શક્તા હતા. હું જે વિલ થયાનું જણાવુ છુ ત્યારબાદ કેટલા સમય બાદ મણીબેનનું અવસાન થયુ તેની મને ખબર નથી. મને એ વાત ની ખબર નથી કે મણીબેન ગુજરી ગયા તેના ચાર વર્ષ અગાઉથી તેઓ પથારીવશ હતા. એ વાત ની મને ખબર નથી કે મણીબેન ગુજરી ગયા ત્યારે કોઇને ઓળખી શકતા હતા. એ વાત ખરી નથી કે મણીબેન મને સાક્ષી તરીકે સહી કરવા બોલાવેલો નથી.એ છે. બધી છે કે, જેને સાથી તરીકે સહી કરવા મણીબેને કીધુ નથી સહી કરવા માટે ઠાકોરભાઈ, જંયતીભાઈ તથા બે બહેનો હંસાબેન તથા વંસતાબેને કીધેલું, જે રજૂ કરેલું આંક- ૧૬૩ વાળું સોગંદનામું કોણે તૈયાર કરેલું તેની મને ખબર નથી.એ વાત ખરી નથી કે આંક- ૧૬૩ વાળું સોગંદનામું મે આપેલી સુચના મુજબ ટાઈપ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક-૧૬૩ વાળા સૌગંદનામું આ હંસાબેન તથા વંસતાબેન વિલ થયું ત્યારે હાજર હતા તેમ લખેલું નથી. એ વાત ખરી છે કે આંક- ૧૬૩ વાળા સોંગદનામાં હંસાબેન તથા વંસતાબેન મને સાક્ષી તરીકે મને સહી કરવા જણાવેલ તેવું પણ લખેલ નથી. મણીબેનના વીલમાં મણીબેનના એ અંગુઠાનું  ઓળખ કોણે આપેલી તેની મને ખબર નથી. હવે કહું છું કે, ઈશ્વરભાઈએ કરેલું. સદરહુ વીલમાં આશરે છ જણાએ સહી શ્રેણી જેમાં ઠાકોરભાઈ, જયંતીભાઈ, વંસતાબેન, દિનેશભાઈ, હસાબેન, ચંપકભાઈએ કરેલી તે બધાની

સહી ત્યારે હું ત્યાં ઉભેલો હતો. મને આંક-૧૩૪ નો વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે કે તે વીલ નું કયું છે તે જ વિલ છે. એ વાત ખરી છે કે હું જે મારી હાજરીમાં સહી હોવાનું જણાવું છું તે આંક- ૧૩૪ વાળો દસ્તાવેજ નથી.પાના નં.૭ પર હંસાબેન , ચંપકભાઈ, દિનેશભાઈ, વંસતાબેનની સહીઓ નથી. બે જણની સહી છે.

કોર્ટમાં જુબાની આપવા આવવાનું છે જે મને ઠાકોરભાઈના છોકરા જેનુ નામ અમર છે તેમણે દીવેલું. જે વીલ ઉપર સહી થયાનુ જણાવું છું તે વીલ ઉપર સહી થઈ ત્યારથી આ નામ કોર્ટમાં જુબાની આપવા આવ્યો ત્યાં સુધી અસલ વીલ મેં જોયુ નથી. સબ રજીસ્ટ્રારશ્રીને ઘરે બોલાવી વીલ રજીસ્ટર કરવામાં આવ્યું હોય તે અંગેના પુરાવા આ કામે રજુ કરેલા છે તે મને ખબર નથી નું જે સબરજીસ્ટ્રારશ્રી આવેલા તેનું નામ અને કંઈ કચેરીમાં આવેલા મને ખબર નથી હવે સાહેદ કહે છે કે પલાસાણા થી આવેલા કામરેજના સબરજીસ્ટ્રારને સિક્કા મારેલા એવું પણ બન્યુ નથી. એ વાત ખરી નથી કે મે મણીબેનના વીલના ઉપર સાક્ષી સહી કરેલ હોવા છતાં ઠાકોરભાઈ તથા જંપતીભાઈના કહેવાથી સાલની ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે મે ક્યારેક પ્રતિવાદીને ત્યા મહેતાજી તરીકે નોકરી કરી નથી. એ વાત ખરી નથી કે સને-૧૯૮૪ બાદ મારે પ્રતિવાદી ને ત્યાં આવાનું થતુ નતુ મને જંપતીભાઈ, ઠાકોરભાઈ,દિનેશભાઈના તમામા સંતાનોની ખબર છે. હવે હું કહું છુ એ અમર ઠાકોરભાઈ નહી પણ જ જયંતીભાઈનો છોકરો છે. એ વાત ખરી છે કે સને- ૧૯૮૪ બાદ પ્રતિવાદીને ઘરે મારે આવવા જવાનુ બંથ થયુ હોવાથી સને-૧૯૮૪ બાદ મારી હાજરીમાં કોઈ સહી મતા થયા નથી. એ વાત ખરી નથી કે મણીબેનની યાદશકિત ન હોવા છતાં તેમની ખોટી સહી કરી ખોટું વીલ બનાવેલુ છે.

**મુદા નં:-૨ અને ૫ અંગે:-**

સદરહુ મુદા એકબીજા સાથે સંકળાયેલ હોય તેની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

આ કામે વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકત જોઈન્ટ હિન્દુ ફેમેલી એટલે કે એન્સેસટર પ્રોપર્ટી છે કે કેમ? તે પુરવાર કરવા અત્રેની અદાલત નીચે મુજબના ચુકાદા પર આધાર રાખવા માંગે છે.

***n Sarvamma v. U.R. Virupakshaiah,*** *2010* ***SCC***

***OnLine Kar*** *136* it was said that ancestral property is inherited up to four generations of male lineage and must remain undivided throughout the period of lineage.

In ***Gurdip Kaur v. Ghamand Singh,*** *1964* ***SCC OnLine Punj*** *180,* ancestral property was said to be a property inherited from father, father's father or great grandfather.

આમ, સદરહુ પ્રોપર્ટી નાની ની હોય male lineage ન હોય તેમજ સદરહુ પ્રોપર્ટી father, father's father or great grandfather ની ન હોય તેમજ સદરહુ દાવો હંસાબેન તે કુબેરભાઈ રઘાભાઈની દીકરીએ કરેલ ન હોય સદરહુ દાવાવાળી પ્રોપર્ટી એન્સેસટર પ્રોપર્ટી કે જોઈન્ટ હિન્દુ ફેમેલીની પ્રોપર્ટી કહી શકાય નહી. તેથી વાદી કોઈ દાદ મેળવવા હકકદાર થતાં ન હોય જેથી મુદા નં.૨ અને ૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદા નં.૩ અંગે :-**

આ કામે મરણજનાર મણીબેન કુબેરદાસના વિલ આધારે પ્રતિવાદી નં. ૧ થી ૪ દાવાવાળી મિલકતના માલિક બનેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવા માટે વાદીએ તેઓની ઉલટતપાસમાં ***એ વાત ખરી છે કે મારા નાની મણીબેન ભણેલા હતા સહી કરતા હતા. એ વાત ખરી છે કે તેઓ પથારીવશ હતા તે સમય દરમ્યાન પણ તેઓ સહી કરતા હતા. એ વાત ખરી છે કે મારા નાની આ બે વર્ષ દરમ્યાન સહી કરતા હોવાના અન્ય કોઈ પુરાવા મારી પાસે નથી. એ વાત ખરી નથી કે મારા નાની બીમાર હોવાથી દરેક કાગળો માં અંગુઠા નું નિશાન કરતા હતા.*** આમ મણીબેન બિમાર હોવાથી અંગુઠો કરતાં હોવાની હકીકતને સમર્થન મળે છે. આ હકીકતને ધ્યાને લેતાં અત્રેની અદાલત નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને રાખવા માંગે છે.

*63.* ***Execution of unprivileged Wills.—***

Every testator, not being a soldier employed in an expedition or engaged in actual warfare, or an airman so employed or engaged, or a mariner at sea, shall execute his Will according to the following rules:—

(a)The testator shall sign or shall affix his mark to the Will, or it shall be signed by some other person in his presence and by his direction.

(b)The signature or mark of the testator, or the signature of the person signing for him, shall be so placed that it shall appear that it was intended thereby to give effect to the writing as a Will.

(c)The Will shall be attested by two or more witnesses, each of whom has seen the testator sign or affix his mark to the Will or has seen some other person sign the Will, in the presence and by the direction of the testator, or has received from the testator a personal acknowledgement of his signature or mark, or the signature of such other person; and each of the witnesses shall sign the Will in the presence of the testator, but it shall not be necessary that more than one witness be present at the same time, and no particular form of attestation shall be necessary.

***Section* 14 *in The Hindu Succession Act,* 1956**

14. ***Property of a female Hindu to be her absolute property.—***

(1)Any property possessed by a female Hindu, whether acquired before or after the commencement of this Act, shall be held by her as full owner thereof and not as a limited owner.

***Explanation.—***

In this sub–section, "property" includes both movable and immovable property acquired by a female Hindu by inheritance or devise, or at a partition, or in lieu of maintenance or arrears of maintenance, or by gift from any

person, whether a relative or not, before, at or after her marriage, or by her own skill or exertion, or by purchase or by prescription, or in any other manner whatsoever, and also any such property held by her as stridhana immediately before the commencement of this Act.

(2)Nothing contained in sub−section (1) shall apply to any property acquired by way of gift or under a will or any other instrument or under a decree or order of a civil court or under an award where the terms of the gift, will or other instrument or the decree, order or award prescribe a restricted estate in such property.

આમ જયારે વાદીની નાનીની  દાવાવાળી મિલકત હોય તેઓ તેના ભાગે આવતી દાવાવાળી મિલકતના ***absolute property*** ધરાવતા હોય તેમજ સદરહુ મિલકત મુદા નં.ર માં ચર્ચા કરેલ તે મુજબ એન્સેસટર પ્રોપર્ટી નથી.  આ કામે મણીબેનને દાવાવાળી મિલકતમાં પોતાના ભાગે આવેલ હિસ્સાવાળી મિલકતનું વિલ કરવાની સત્તા હોય તેમજ મણીબેનનું વિલ ધ્યાને લેતાં તે એક રજીસ્ટર્ડ વિલ છે. જેમાં બે સાક્ષીઓની સહી લેવામાં આવેલ છે. આમ સદરહુ વિલ પ્રતિવાદી નં. ૧થી ૪ તરફે પુરવાર કરવામાં આવેલ હોય સફળ થયેલ હોય તેમજ મણીબેનનાઓએ કરેલ વિલ તે રજીસ્ટર્ડ વિલ હોય તે ન માનવાનું કોઈ કારણ નથી. આમ, મણીબેનના ભાગે આવતી દાવાવાળી મિલકત કે જેઓના તેણી ***absolute*** માલિક બનેલા હોય દાવાવાળી મિલકત પરત્વે પોતાના ભાગે આવેલ મિલકતનું વિલ કરવાની સત્તા હોય પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓ મણીબેનના વિલ આધારે માલિક બનેલા હોય મુદા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં.૧ અને ૪ અંગે :-**

સદરહુ મુદા એકબીજા સાથે સંકળાયેલ હોય તેની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.આ કામે મુદા નં.ર માં ચર્ચા કર્યા મુજબ સદરહુ દાવાવાળી મિલકત એન્સેસટર પ્રોપર્ટી કે જોઈન્ટ હિન્દુની પ્રોપર્ટી ન હોય તેમજ મુદા નં.૩ માં ચર્ચા કર્યા

મુજબ મણીબેનના રજીસ્ટર્ડ વિલ આધારે પ્રતિવાદી નં.૧ થી ૪ દાવાવાળી મિલકતના માલિક બનેલ હોય વાદીનો મરહુર્મ હંસાબેન કુબેરભાઈ રઘુભાઈ નો undivided Share દાવાવાળી મિલકત પરત્વે રહેલ ન હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. તેમજ આ કામે વાદીએ લીમીટેશનમાં દાવો દાખલ કરેલ હોય મુદા નં. ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. તેમજ મુદા નં. ૬ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** વાદીનો દાવો આથી નામંજૂર કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**(૩)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજરોજ તારીખઃ ૨૪ માહેઃ એપ્રિલ સને ૨૦૨૬ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૪/૦૪ /૨૦૨૬

મુ.પલસાણા.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**

એડી.જ્યુડિ. મૅજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.

U.I.Code No.GJ01445